॥ ॐ अर्हम् ॥

શ્રી વિજયનીતિસૂરીશ્વરપાદપદ્મેભ્યો નમઃ

જિનેન્દ્રસ્તવનાવલી

તથા

ગહુંલી સંગ્રહ.

પ્રસિદ્ધ કર્તા,

શેઠ હરીસંગ અનુપચંદ.

મુ મુંજા.



યોજક.

મુનિ ઉદયવિજય.

PHŒNIX P. WORKS AHMEDABAD

जगत्पूज्य विशुद्ध चारित्रचूडामणि तपागच्छालङ्कार भट्टारक श्री १००८

दीक्षा १९४९, अषाड सुद ११,

जन्म स. १९३० पोस सुद ११.



गणिपद १९६१ मागसार सुद ५,

पन्यासपद १९६२ कारतक वद ११,

आचार्यश्री विजयनीतिसूरीश्वरजी महाराज

आचार्यपद सं. १९७६ मार्गशीर्ष शुक्ल ५

ॐ अर्हम् ।

॥ श्रीविजयनीतिसूरीश्वरपादपद्मेभ्यो नमः ॥

જિનેંદ્રસ્તવનાવલી.

— તથા —

ગહુંલી સંગ્રહ.

યોજક—

મુનિ-ઉદયવિજય,

આ પુસ્તક— **આચાર્યમહારાજ શ્રીવિજયનીતિસૂરીજીના**

સદુપદેશથી

ગુંજાવાળા શેઠ. હઠીસંગ અનુપચંદ

સ્વદ્રવ્યવ્યયથી

શ્રી જૈનએડવોકેટ પ્રીન્ટીંગ પ્રેસમાં શા. ચીમનલાલ
ગોકલદાસ દ્વારા છપાવી પ્રસિદ્ધ કરી,

નકલ ૫૦૦ પ્રથમાવૃત્તિ

સં. ૧૯૮૦ અમૂલ્ય સન્ને ૧૯૨૪

અર્પણ પત્રિકા !

પૂજ્યપાદ-પ્રાતઃસ્મરણીય-શ્રીમદાચાર્ય--શ્રી વિજય--
નીતિસૂરીશ્વરજી મહારાજ સાહેબના ચરણકમલમાં—

રાજનગર

આપ સાહેબ શાંતદાન્ત-ગાંભર્યાદિ અનેક ગુણોએ કરી બિરાજમાન છો. આપશ્રીએ દેશોદેશમાં વિહાર કરી ઘણા ભવ્ય જીવોને મિથ્યાત્વ માર્ગથી વિમુખકરી તેઓના સમકીતરૂપ વૃક્ષને ઉપદેશામૃતજળના સિંચનવડે નવપલ્લવ કરેલછે તેથીકરી આપને સતતં ધન્યવાદ ઘટે છે.

મને પણ આપ સાહેબે સંસારરૂપ કુપમાં પતિતથતો અટકાવી, એટલુંજ નહિ પણ ભવસાગરમાં તારવાને સમર્થ એવું ચારીત્રરૂપ પ્રવહણ આપી આપે મોક્ષમાર્ગમાં સન્મુખ કરેલ છે. અને નિરંતર પાસે રાખી મારા વિવેક લોચન ખુલ્લા કરી—જ્ઞાનદીપક વડે મારા હૃદયમાં આપે જે અજવાળુ પાડેલ છે તેનું વર્ણન કરવું મારી શકિતની બહાર છે અને તેથી કરી આપનો હું રૂણી બનેલ છું આપે મારાપ્રત્યે જે જે ઉપકારો કરેલા છે તે ઉપકારનો બદલો વાળવા કોઇપણ રીતે હું અસમર્થ છું તેમજ આ જીંદગીમાં અનૃણી થઇ શકુ તેમ નથી, તોપણ આ એક લઘુ પુસ્તક (દેવગુરૂગુણગ્રામ સ્વરૂપ) પ્રેમથી અને ભકિતથી આપના પવિત્ર કરકમલમાં અર્પી કૃતાર્થ થાઉ છું.

રાજનગર
સં. ૧૯૮૦
જેઠ કૃષ્ણ દશમી.

લી. આપના ચરણકમલોપાસક—
મુનિ—
ઉદયવિજય.

પ્રસ્તાવના

હાલના જમાનામાં દીવસે દીવસે બાળજનોની નાટકના ગીત ગાયનમાં વિશેષ રૂચિ થતી દ્રષ્ટિગોચર થાય છે, પરન્તુ નાટકના ગાયનો નિરસ અને શૃંગારિકભાવનાવાળા અર્થ પ્રાધાન્યવિનાના હોવાથી સારા રાગરાગણીમાં વીતરાગ પરમાત્માના અલૌકિક ગુણો-થી ભરપૂર એવા સ્તવનો ભક્તિ અને વૈરાગ્યરસે કરી ભરપૂર નાટ-કના રાગમાં ઉતારવા, અને શ્રાવકવર્ગને પણ ગુરૂગુણ ગાવા માટે નૂતન રાગથી ગહુંલીઓની રચના કરી તેઓના પણ ભક્તિરસની વૃદ્ધિ કરવી એવા વિચારથી આ " **જિનેન્દ્રસ્તવનાવલી** " તથા " **ગહુંલી સંગ્રહ** "ની બુક ગુરૂકૃપાથી અલ્પ સમયમાં તૈયાર કરી છે. આ પ્રયાસ ભવ્યજીવોને કર્મની નિર્જરારૂપ થાય અને મને પણ દેવગુરૂગુણ સ્તવન કરવારૂપ આત્મકલ્યાણના હેતુભૂતનું નિમિત્ત મળી આવવાથી મારૂં જીવિત સફલ માનુંછું.

આ લઘુ પુસ્તક મારી યથામતિથી પ્રકાશ કરેલું હોવાથી તેમાં કાંઇ અક્ષરઘટના ન્યુનાધિક અથવા શાસ્ત્રવિરૂદ્ધ જણાય તો તે માટે વાચકવૃન્દ દરગુજર કરી સુધારી વાંચવા કૃપા કરશો.

વાચકવૃન્દ આ બુકને સાદ્યન્ત મનનપૂર્વક વાંચી અવશ્ય પ્રભુભકિત તેમજ ગુરૂભક્તિમાં આકર્ષાઇ સ્વકીય જીવન સાફલ્ય કરશે એવી સતત આશા રાખુંછું.

લી૦ પ્રકાશક,

મુનિ ઉદયવિજય.

સંવત ૧૯૮૦ ના જેઠ વદી દશમી.

॥ ॐ ह्रीं अर्हद्भ्यो नमः ॥

गुरुपादपद्मेभ्यो नमः

ગીતિ.

દેવ ગુરૂને પ્રણમી, આવિર્ભાવે નિજ ગુણને કરવા
શારદામાતને સમરી, નિરાબાધથી જયસુંદરી વરવા.૧

પ્રભુનીભક્તિ સન્મુખ, હર્ષાવેષથી બાલ જીવો કરવા
તેથીકરીને રચુ છું, આ લઘુપુસ્તક પુન્યઉદય કરવા.૨

જગગુરૂ જગત્રાતા !, કરૂંછું આપની સ્તુતિ કરજોડી
ભવોદધિમાં તરવા, તુજ ભક્તિ છે પૂર્ણ પરમ હોડી.૩

તેથીકરી મુજ જીવ્હા, ગુણગાવામાં આતુરથઇ આજે
દેવ ગુરૂગુણ માલા, કરૂંછું આજે જન્મ સફળ કાજે.૪

॥ ॐ अर्हम् ॥

आचार्यमहाराजश्रीविजयनीतिसूरीश्वरपादपद्मेभ्यो नमः ।

જિનેંદ્રસ્તવનાવલિ
તથા
ગહૂંલી-સંગ્રહ

॥ શ્રી સિદ્ધચક્રજીનું સ્તવન ॥

(નાથ કૈસે ગજકો બંધ છોડાયો) એ રાગ.

સેવો ભવી ! નવપદ જગહિતકારી સર્વ આળજંજાળ નિવારી. સેવો

કર્મને ટાળક દુર્ગતિ વારક, શીવગતિ પ્રાપક ત્રાતા
ભવોદધિતારક દુઃખનિવારક, નવપદ કરે સુખશાતા. સેવો ૧

દેવાધિદેવશ્રી અરિહંતકહીયે, ગુણમણીરત્નની ખાણ
સમવસરણમાં સુરનર પૂજત; પ્રણમો શ્રીજિન ભાણ. સેવો ૨

અકલ અજરામર અગમ અગોચર, સ્વરૂપરમણ સુવિલાસી
કેવલજ્ઞાન દર્શનગુણ પ્રગટયા, સિદ્ધ નમો અવિનાશી. સેવો. ૩

વિદ્યા, સૌભાગ્ય, લક્ષ્મી મંત્રરાજ-સુમેરૂ પંચમી પીઠ
પંચ પ્રસ્થાને આચારજ નમીયે, છત્રીસગુણે કરી છઠ. સેવો ૪

પ્રણમોપદ ઉવજઝાય તે કહીયે, ત્રીજેભવ નિર્વાણ
અંગ ઉપાંગ નંદી અનુયોગ, છેદ પયન્નાદિ જાણ સેવો. ૫

હાસ્યાદિષટ ત્રણ વેદ અને વળી, મિથ્યાત ચાર કષાય
ચૌદ અભ્યંતર નવવિધબાહ્યથી, ગ્રંથી તજે મુનીરાય, સેવો ૬

ક્ષય ઉપશમ-ઉપશમ ને ક્ષાયિક, દર્શન બહુ પ્રકાર
તત્વાર્થશ્રદ્ધાન, સમ્યકદર્શન, નમીયે વારમવાર. સેવા ૭

ભક્ષ્યાભક્ષ્યને પેયાપેયને, કૃત્યાકૃત્ય જણાવે
ભેદ એકાવન જ્ઞાનના પ્રણમો, કર્મનું સૈન્ય હઠાવે. સેવા. ૮

નિવૃતિ પ્રવૃતિ વ્યવહાર સાચો, ચરણસિતરી ગુણ નમીયે
નિશ્ચયનયથી ચરણ તે જાણો, નિજસ્વભાવમાં રમીયે સેવા. ૯

બાહ્યઅભ્યંતર તપ પદ નવમું, પ્રણમો ભાવ વિશાળે
નિર્જરાહેતુ ભવોદધિ સેતુ, કર્મનિકાચિત ટાળે. સેવા ૧૦

એ નવપદમાં પંચગુણી છે, ગુણ તે ચારને ધારો
દેવગુરૂને ધર્મ છે એહમાં, દો તીન ચાર પ્રકારો સેવા ૧૧

વિમલેશ્વર સાન્નિધ્ય કરે, તેની જેહ નવપદને ધ્યાવે
ભાવથી નીતિરાખીને આરાધે,ઉદયવાંછિત સુખપાવે-સેવા ૧૨

રૂષભદેવજીન સ્તવન.

(ભખરે ઉતારો રાજા ભરથરી) એ રાગ.

રૂષભજિણંદ કરૂ વિનંતી, સુણો જગત આધારજી
શરણ ગ્રહ્યું છે હવે આપનું; તુમ વિણ કોઇ ન આધારજી.-રૂ. ૧

સૂક્ષ્મનિગોદ ભમી કરી, પામ્યો બાદર સ્થાનજી
વિગલેંદ્રીપણુ પામીયો, પણ ન મલ્યા તેમાં કાનજી. રૂષભ ૨

પાછો ઉથલાવી નાંખીયો, સૂક્ષ્મનિગોદે તેમજી
કાલ અનંતો ભ્રમણ કરી, અરઘટ ન્યાયની જેમજી. રૂષભ ૩

ભવ સુરનરતીરી નારકી, પામ્યો વારમવારજી
પણ અજ્ઞાન ખસ્યું નહિ, એળે ગયા અવતારજી રૂષભ ૪

દેવગુરૂ નહિ ઓલખ્યા, મિથ્યાત્વે કર્યું જોરજી
શ્રદ્ધા થઇ નહિ વચનની, કેડે પડ્યો મોહ ચોરજી. રૂષભ ૫

મૂર્તિ દીઠી આજ આપની, નાઠું મોહનું પૂરજી
ભય સઘળા મુજ દુર થયા, ભાગ્યુ મિથ્યાત દૂરજી. રૂષભ ૬

આજ દીવસસુધી માહરા, આવ્યા વાંક અપારજી
બક્ષિસ ગુન્હા કરો માહરા, ઉતારો ભવ પારજી. રૂષભ ૭

તરણુ તારણુ જિન તુજને, નમું હું વાર હજારજી;
પરમેશ્વર પરમાતમા, મુજ દુરિત પ્રહારજી રૂષભ ૮

સેવકની અર્જ સાંભળી, સમકીતનું કરો દાનજી
નીતિવિજય સૂરિશિયનો, કરો **ઉદય** મહાનજી. રૂષભ ૯

॥ અજિતનાથજીન સ્તવન ॥

(આજે આવી રાજ હજુરમાં કર જોડીને કરૂ વિનંતી) એ રાગ.

આજે આવી આપ હજુરમાં, માફી માગુછું મારા દોષની
માફી માગુછું મારા દોષની, દઉછુ તિલાંજલી રોષની–આજે ૧

ભમિયો ઘણું હું સંસારમા, વૃદ્ધિ ન કરી ગુણ કોષની,
ઉલટો કુબુદ્ધિયે પાડીયો, મમદશા ગઇ સંતોષની–આજે ૨

આપની આણા ન ધરી શીરે, તેમ શ્રદ્ધા થઇ નહિ નિર્મળી
પ્રતિમા ન દીઠી આપની, સદ્ગુરૂની સંગત નહિ મળી– આજે ૩

મારા કર્મના પ્રબળે કરી, શુદ્ધ ધર્મપંથ રૂચ્યો નહિ,
ભમવું થયું ઘણું જીવને, મમ મસ્તકે કુમતિ વહી– આજે ૪

સાચો મારગ નવિ ઓલખ્યો, મારા દુખની હદ આવી નહિ
કેટલું કહું નાથ આગળે; આપ જાણોછો જ્ઞાનથી સહી–આજે ૫

મારા સદ્ભાગ્યના ઉદયે કરી, મોહ તિમિર દુર ખસી ગયું
ઓળખાણ થઇ શુદ્ધદેવની, કર્મ દર્શનાવરણ દુરે થયું–આજે ૬

દાશ આવ્યો તુજ આશરે. તેને આધાર છે પ્રભુ તાહરો
મારા દોષસામું જોશો નહિ, ગુન્હો બક્ષિસ કરજો માહરો-આજે ૭

છોરૂ કછોરૂ થાય તોપણ, સાગર પેઠે ગંભીર છો,
મારી ભૂલ સુધારો બાપજી,! દયા દાન દેવા શુરવીર છો-આજે ૮

ચરણ કમલની શેવના, પ્રભુ માગુછું ભવો ભવ આપની,
જેથી ભેગી કરેલી પોટલી, મુજ શીર ન રહે પાપની-આજે ૯

અજિતજિન ? પ્રભુ તારજો, મારી અરજી ઉરમાં ધારજ્યો.
સૂરિનીતિનો **ઉદય** તારજ્યો, ભવસાગર પાર ઉતારજો-આજે -૧૦

॥ સંભવનાથજીન સ્તવન ॥

(સાહેબ શિવ વરીયા) એ રાગ.

સંભવનાથને શેવીયેરે જેણે ઓલખ્યાવો ધર્મ જીનવર વંદોરે
કેવલજ્ઞાનથી જાણીનેરે કીધા તત્ત્વના મર્મ— જીનવર ૧

(વંદો વંદોરે સંભવજીનરાય, સુખનો કંદોરે)

સાવત્થી નગરી ભલીરે જીતારી નૃપ તાયરે,
સેના માત ઉદર થકીરે જન્મ લીયે જીનરાય. જીનવર ૨

અશ્વ લંછન શોભતું રે ચઉશત ધનુ પ્રભુ માનરે
સાઠ લાખ પુરવતણુંરે જીન આયુષ્ય પ્રમાણ. જીનવર ૩

જગ ઉંપકારી જીનજીરે અક્ષય અક્રિય અનુપરે,
પૂર્ણાનંદી પરમાત્મા રે અલખ અગોચર રૂપ. જીનવર ૪

દયા ધર્મ વરતાવવા રે સંજમ લીયે જીનરાયરે
ઘણા જીવ પ્રતિબોધિયારે એ પ્રભુનો મહીમાય. જીનવર ૫

ચૈત્ર સુદની પાંચમે રે પ્રભુ પામ્યા નિર્વાણરે
અમને પ્રભુજી આપજોરે ક્ષાયિક કેવલ નાણ. જીનવર ૬

તારક બિરૂદ છે આપનુ રે ઉતારો ભવ પાર રે
નીતિવિજય સૂરિરાયનોરે **ઉદય** કરો સુખકાર.—જીનવર ૭

॥ અભિનંદનજીન સ્તવન ॥

(રઘુપતી રામ હૃદયમાં રહેજો રે) એ રાગ

અભિનંદન અભયદાન આપોરે, મારા કષ્ટ પ્રભુજી કાપો રે
સદ્બુદ્ધિથી ધર્મને આપો, સુણો જીનરાજ વિનંતી હમારીરે
નિત્ય સેવા કરીશ તમારી. સુણો ૧

તુજ મુરતિ મોહનગારી રે કલ્યાણ મંગળ કરનારી રે
સહુ સંઘને લાગેછે પ્યારી. સુણો ૨

અયોધ્યા નગરી ભલી દીપે રે, જાણે સ્વર્ગપુરીને ઝીપેરે
પ્રભુ જન્મ મહાસુદી બીજે. સુણો ૩

પ્રભુ પીતા સંવર સુખકારી રે, માતા સિદ્ધાર્થી દુખ હરનારીરે
પચાસ લાખ પુરવ આયુ ધારી. સુણો ૪

સાડા ત્રણસે ધનુષ્યનુ માન રે, દેહવર્ણ કંચન સમ જાણ રે
કપિ લંછનનું છે નિશાન સુણો ૫

ક્ષય ઘાતી અઘાતીના ચુરારે, આપે ગુણ પ્રગટાવ્યા પુરારે
જીવો નિર્ભય કરવામાં શૂરા સુણો ૬

સમકિતની કરો મહેરબાની રે, આપ છો ગુણરત્નની ખાણીરે
એટલું દેતાં નહિ થાય હાણી સુણો ૭

મારી અરજીછે દુખને હરવારે, શિવસુંદરી સ્હેજે વરવારે
સૂરિનીતિનો ઉદય કરવા. સુણો ૮

॥ સુમતિજીન સ્તવન ॥

(પંથીડા સંદેશો કહેજો શ્યામને) એ રાગ.

સુમતિ જીનેશ્વર સ્વામિરે અરજી માહરી
સ્વીકારો પ્રભુ ત્રણ ભૂવનના દેવજો
કરુણાનંદ અખંડ રે જ્યોતિ સ્વરૂપ છો,
શીવ સુખ લેવા મે આદરી તુમ શેવજો— સુમતિ ૧

લાખ ચોરાશી યોનિરે વારમવાર હું ભમ્યો
ચોવીશ દંડકે ઉભગ્યું માહરૂ મન જો,
નિગોદાદિક ફરસીને સ્થાવર હું થયો
ઇગ-બિ-તિ-ચઉ માંહે વળી ઉત્પન્નજો— સુમતિ ૨

નારક તિર્યંચ સુરનર ભવ મેં બહુ કર્યાં
ફરસા ફરસી ચૌદરાજ મહારાજજો,
દશ દ્રષ્ટાંતે દોહિલો મનુષ્યભવ પામીયો
તારો સેવકને તરણ તારણ ઝહાજજો,— સુમતિ ૩

મહાગોપ મહામાહણ ઉપમા શોભતી
નામ ધરાવ્યું નિર્યામકજો નાથજો
ભવોદધિ પારતો શીઘ્ર પ્રભુજી ઉતારશો
કરૂણા નજરથી ઝાલી સેવકનો હાથજો— સુમતિ ૪

જગતના બંધવરે જગ સથ્થવાહ છો,
જગતગુરૂ જગરક્ષણ વળી તુમે દેવજો,
અજરામર અવિનાશી નિરંજન નાથજો,
સુરનર કરતાં તુજપદ પંકજ શેવજો.— સુમતિ ૫

મેઘરાજા ના નંદરે વંદના માહરી,
ધરજ્યો ઉરમાં વિનંતી મારી આજજો,
સાતરાજથી ઉદ્ધરી કૃપાનાથ તારજ્યો,
દેજો સેવકને વાંછિતફળ જીનરાજજો,— સુમતિ ૬

આશરે આવ્યો જાણી પરમસુખ દીજીયે,
કીજીયે સેવકના જન્મ મરણ દુઃખ દુરજો,
દયાભાવી પ્રભુ શીવસુખ સ્વાદ ચખાડીને,
સુરિનીતિનો ઉદય કરો ભરપુરજો.— સુમતિ ૭

॥ પદ્મપ્રભજીન સ્તવન ॥

(રાગ કવ્વાલી—અથવા—ગજલ.)

પદમપ્રભુ પ્રાણથી પ્યારા છોડાવો કર્મના ભારા,
ભમ્યો કાલચક્રના આરા મીટયા નહિ ભવ હજુ મારા. ૧

હવે તો આશરો ત્હારો કૃપાનાથ સ્વામિ તું મ્હારો,
કરૂણા લાવી પ્રભુ મારા ગતી માઠીથી ઉગારો. ૨

તમેછો સર્વ જીવ ત્રાતા વળી શીવ પંથના દાતા,
કરો છો સર્વને શાતા વળી છો અભયદાન દાતા. ૩

ક્ષમાનીધિ દયા સાગર ? મને દુઃખમાંથી ઉગારો,
આપોને ધર્મની નૌકા ભવોદધિ પાર ઉતારો. ૪

તારકતા સાંભળી તુજની આવ્યો છું આશરે તારે,
બિરૂદ છે દુઃખભંજનતું પ્રભુ તો થાઓને વ્હારે, ૫

અનંતા ગુણ છે તુજને તેમાંથી અંશ આપોને,
સેવક શીર હસ્ત મુકીને ચરણમાં આપ સ્થાપોને. ૬

પ્રભુજી આપને છોડી બીજા દેવો નહિ યાચું,
મારેતો આપનું શરણું બીજામાં હવે નહિ રાચું. ૭

મને તો કર્મ રાજાએ કર્યો છે કાંકણી તોલે,
બચાવો ભવોદધિમાંથી પડ્યો છું આપને ખોળે. ૮

દયાસિંધુ ? દયા લાવો નોંધારાની દયા લાવો,
વ્હારે માહરી આવો દુરિત પંજાથી મૂકાવો. ૯

સંકટથી દાસ છોડાવો બચાવો દુઃખદરિયાથી,
ઉદય નીતિસૂરિશ્વરનો, કરીને ખેંચો ભવમાંથી. ૧૦

॥ શ્રીસુપાર્શ્વજીન સ્તવન. ॥

(પામ્યો પામ્યો પદમણી નારી હો) એ રાગ.

પામ્યો પામ્યો સુપાર્શ્વ જીનરાજ હો

મારી આજે સફળ જીંદગાની,

તરણ તારણ પ્રભુ દુખ નિવારણ દુર્ગતિ પડતાં જીવને વારણ,
મળીયા મને મહારાજ હો, મારી આજે૦ ૧

અલખ અગોચર નાથ નિરંજન અષ્ટકરમ રીપુના ભયભંજન
સીધ્યા વંછીત મુજ કાજ હો, મારી આજે૦ ૨

કરૂણાસાગર વિશ્વ પ્રકાશી કૃપાવતારી શીવપુર વાશી,
મળીયા પ્રભુજી આજ હો, મારી આજે૦ ૩

આપના દર્શનથી સુખ પામ્યો અનાદિકાળનો કુબોધ વામ્યો,
ધર્મનું મળીયું ઝહાજ હો; મારી આજે૦ ૪

બિરૂદ છે દુખભંજન તારો ભવસાગરથી પાર ઉતારો,
નહિંતો રહેશે કેમ લાજહો, મારી આજે૦ ૫

મોહ મતંગજ આંખે ચડયો છું આપના આજે શરણે પડયોછું
બચાવો ગરીબ નિવાજ હો, મારી આજે૦ ૬

ભીડભંજન સુપાર્શ્વ જીનેશ્વર, ઉદયકરો સૂરિનીતિનો ભાસ્વર
આપોને મુકિતનું રાજ હો, મારી આજે૦ ૭

॥ શ્રી ચંદ્રપ્રભજીન સ્તવન ॥

(શી કહું કથની મારી રાજ) એ રાગ

ચંદ્રપ્રભુ મને તારો રાજ ચંદ્ર પ્રભુ મને તારો,
ખરો આશરો એક તમારો રાજ— ચંદ્રપ્રભુ મને તારો,
નરક નિગોદાદિક ભવ ભમિયો છેદન ભેદન ખમીયો,
પરવશમાં પણ કર્મે દમિયો કાલઅનંત નિર્ગમિયો રાજ ચંદ્ર ૧

ભાગ્યઉદયથી નરભવ પામ્યો વિષયાતુર થઇ ફરીઓ
પુણ્યપાપની ખબર પડે નહિ પાપનો પોટલો ભરીઓ રાજ ચંદ્ર ૨

રાતદિવસ ધન કારણ રડીઓ જ્યાં ત્યાં અતિ આથડીઓ,
રતીભર જેટલુ ધન નવિ મળીયું નિશદિન વિઘન ઘન નડીઓ રાજ

આનપોતાનું હું પ્રભુ ભુલ્યો કોગટ ગુણ વિણ ફુલ્યો,
જન્મ અનતાં ગર્ભે ઝુલ્યો દુખદરીઆમાં ડુલ્યો રાજ- ચંદ્ર ૪

દાન સુપાત્રે મે નવિ દીધું શીલ ન પાલ્યું સિધું
કિંચિત્ તપ પણ મે નથી કીધું, ભાવ પિયૂષ નવ પીધું રાજ.
ચંદ્ર ૫

જાલમ ક્રોધાનળથી બળીયો ગર્વ મહોરગ ગળીયો,
માયા સાંકળથી સંકલીઓ લોભ પિશાચે છળીયો રાજ. ચંદ્ર ૬

ક્ષમાનિધિ ! તુજ ચરણકમલમાં, આજે અંતરજામિ,
નિરાશ્રય થઈ અર્જ કરૂંછું, શરણ પડયોછું સ્વામિ રાજ ચંદ્ર ૭

દીન દયાલ દયા દીલધારી દારિદ્ર દુખ વિદારી,
સૂરિનીતિનો ઉદય કરીને લેજો ભવથી ઉગારી રાજ. ચંદ્ર ૮

॥ સુવિધિજીન સ્તવન ॥

(થઇ પ્રેમ વશ પાતળીયા મારા મનના માલીક મળીઆરે) એ રાગ

તુંહિ દેવ સાચો મળીયો મારા આંગણે સુરતરૂ ફળીયો રે
તુંહિ દેવ સાચો મળીયો—

સુવિધિજીનેશ્વર નમત સુરેશ્વર, અલવેસર અવિનાશી.
પ્રગટયો સદ્ગુણનો રાશી, મારો ધર્મચિંતામણી ફળીયો રે.
તુંહી દેવ૦ ૧

અલખ અગોચર નાથ નિરંજન સ્વરૂપ રમણ સુવિલાસી,
અવિચળ મંદિરના વાસી, તુજ સેવા મુજ મન હળીયો રે.
તુંહિ દેવ૦ ૨

ક્ષપકશ્રેણીથી કર્મને ગાળી, શીવસુંદરીને નિહાળી
લીધું કેવળ જુગલ વાળી, જગન્નાથ ક્ષમાશૂર બળીયોરે. તું૦ ૩

ભવોદધિ તારક દુઃખ નિવારક, નિર્યામક છો દયાળું
થાઓ મુજ ઉપર કરૂણાળુ, તુને તરણ તારણ સાંભળીયો રે,
તુંહિ દેવ૦ ૪

ભવભયભંજન મોહમદગંજન !; છું શીવપુર અભિલાષી
જાણી પુદ્ગલ જાળ તમાસી, મારો જન્મમરણ દુખ ટળીયો રે
તુંહિ દેવ૦ ૫

સૂરિનીતિના બાલ ઉદયનું, તુમ ચરણે ચિત્ત લાગ્યું,
ભવોભવ તુજ દર્શન માગું. આજે ભાગ્ય ઉદય મુજ વળીયોરે.
તુંહિ દેવ૦ ૬

॥ શીતલનાથજીન સ્તવન ॥

(નાથ કેસે ગજકો બંધ છોડાયો) એ રાગ.

શીતળજીન સેવો સદા સુખકારી, સર્વ આળ જંજાળ નિવારી
શીતલજીન૦

અકળ અચળ અક્ષય અવિનાશી, અજરામર અવિકારી
વિશદાનંદ સ્વરૂપ વિલાસી, અલખ અગોચર ભારી. શીતલ૦ ૧

ભદ્દિલપુર નગરી મનોહારી, પૂર્વ લક્ષાયુષ ધારી
દ્રઢરથરાય પિતા સુવિચારી, નંદા માત મહારી. શીતલજીન૦ ૨

નેવું ધનુષ્ય દેહ માન બીરાજે, કૃપા તણા અવતારી
વાંછિત પૂરણ સુરતરૂ સરિખા, નિર્ભયતાના દાતારી. શીતલ૦ ૩

ઘાતી અઘાતી બંધોદયને, સત્તા કર્મ વિદારી
મોક્ષમંદીર સોપાન ચડીને, ગ્રહણ કરી શીવ નારી. શીતલ૦ ૪

ગુણ અનંતા પ્રગટ કરીને, સર્વ સંવર સુખકારી
રમણતા નિજ આત્મગુણની, કેવલ જુગલ ધારી શીતલજીન૦ ૫

સમયાંતર ઉપયોગમાં રમતા, જગતના ભાવ વિચારી,
સૂરિનીતિનો ઉદય કરીને, મેળાવજો શીવનારી. શીતલજીન૦ ૬

॥ શ્રી શ્રેયાંસજીન સ્તવન ॥

(રાગ કલ્યાણ)

શ્રી શ્રેયાંસનાથ. શીવપુરનો તું સાથ,
ભવપાથોધિ ઉગારી મુજ ધારજે તું હાથ,

દેવો સઘળા મેં દુનીયામાં, ભટકી જોયાં નાથ ! (૨)
રાગે નડીઆ મોહે જડીઆ, કોઇએ ન જાણ્યો હાથ (૨)
શ્રી શ્રેયાંસનાથ૦ ૧

ચિંતામણી સુરધેનુ સરીખો, તુજ સરીખો દેવ (૨)
પૃથ્વિમાંહે કયાંઇ ન દીઠો. સુણો દેવાધિ દેવ ! (૨)
શ્રી શ્રેયાંસનાથ૦ ૨

આજે મારા પુન્યોદયથી. મેળવીયા અરિહંત (૨)
ચરણકમળની સેવા આપી. પુરો માહરી ખંત (૨)
શ્રી શ્રેયાંસનાથ૦ ૩

તુજ વિણુ તારક કોઇ ન દીઠો, નિર્યામક જગનાથ (૨)
ભવસાગરથી પાર ઉતારો, ગ્રહણ કરીને હાથ (૨)
શ્રી શ્રેયાંસનાથ૦ ૪

નિરાશ્રય થઈ આપના શરણે, આવ્યોછું મહારાજ (૨)
શરણાગતને શરણું આપી, આપો ધર્મ ઝહાજ (૨)
શ્રી શ્રેયાંસનાથ૦ ૫

મારી અરજી ઉરમાં લેજો, જગતારક જીનરાજ ! (૨)
સૂરિનીતિનો ઉદય કરીને, આપોને શીવરાજ ! (૨)
શ્રી શ્રેયાંસનાથ૦ ૬

॥ વાસુપૂજ્યજીન સ્તવન ॥

(રાગ-આશાઓરી)

લાજ રાખો પ્રભુ મારી, દયાળુદેવા ? લાજ રાખો પ્રભુ મારી
બહુ ભવ ભટકી શરણે આવ્યો, શ્રી વાસુપૂજ્ય તમારી- દયાળુ૦ ૧

કાળ અનંતો નરક નિગોદે, ખમિયો બહુ દુખભારી- દયાળુદેવા૦
પરમાધામી દેવે મુજને, ત્રાસ પડાવ્યો અપારી દયાળુદેવા૦ ૨

તિરિયગતી પણ મહા પાપકારી, વધ બંધન કરનારી-દયાળુદેવા૦
સુરનરગતિમાં કામે વિટંબ્યો, કર્મે કરી કીકીયારી, દયાળુદેવા૦ ૩

એકે ગતીમાં શાતા ન પામ્યો, શીકહું કથણી હું મારી, "
તારકતા તુજ સાંભળી આજે. આવ્યોછું આશાધારી, દયાળુ૦ ૪

મોહપિંજરથી છોડાવો મુજને, આપનો હું છું આભારી, "
દીનદશામાં બાકી ન રાખી, બનીગયો છું લાચારી, દયાળુદેવા૦ ૫

નિર્યામક થઇ ભવસાગરથી, લેજો મુજને ઉગારી "
શુદ્ધબુદ્ધમારી ગઇ છે ચાલી, હિંમત ગયો છું હું હારી, દયાળુ૦૬

દયાના સિંધુ ! કરૂણા કરીને, સેવકને લેજો તારી, "
સૂરિનીતિના બાલ **ઉદયને**. મેળાવજો શિવનારી, દયાળુદેવા૦ ૭

॥ વિમલજીન સ્તવન ॥

(રાગ-ધનાશ્રી)

વંદો વિમલજીણંદ, ભવિ તુમે વંદો વિમલજીણંદ—
કૃતવર્મ શ્યામા, માતાના નંદન, મુખ પુનમનો ચંદ, ભવિ૦ ૧

સાઠલાખ પુરવ જીન આયુ, કંપિલપુરિ નરિંદ "
પ્રભુ મુખચંદ્ર નિહાળી વિકસે, મુજ હૃદય અરવિંદ ભવિ૦ ૨

સાઠ ધનુષ્ય પ્રમાણ બિરાજે, કાયા મૃગમદ ગંધ "
જગતારક પ્રભુ આપને જાણી, શેવે સુરનર વૃંદ, ભવિ૦ ૩

વિષયકષાય રીપુને મારી, થયા વિમલજીણંદ "
મહેર કરી પ્રભુ અમને આપો, કેવલજ્ઞાન દિણંદ, ભવિ૦ ૪

નિર્યામકતા સત્ય છે તારી, જગતાનંદ જીનચંદ ,,
ભવસાગરથી પાર ઉતારો, પડ્યો છું ચરણારવિંદ ભવિ૦ ૫
જન્મ મરણના ફેરા ટાળો, આપો અક્ષય સુખકંદ. ,,
નીતિસૂરિનો ઉદય કરીને, ટાળો ભવભય ફંદ. ભવિ૦ ૬

॥ અનંતનાથજીન સ્તવન ॥

(રાગ સીંહાનો ફનરો)

નાથ અનંતજીન વિનંતી હમારી, કરૂણા નજરથી લેજો સ્વીકારી,
નાથ અનંતજીન૦
વાર અનંતિ નિગોદપણામાં. જન્મ મરણ કીધા મેં દુખભારી.
નાથ અનંતજીન૦ ૧
કાલ અનંતો ભવમાં ગુમાવ્યો, તોપણ ધર્મની સુઝી ન બારી,
નાથ અનંતજીન૦
છેદન વેદના સહી ઘણી નરકે, પરમાધામી તણી કીકીયારી
નાથ અનંતજીન૦ ૨
નર સુરવરમાં સુખ જે દીઠું, આખર તેપણ નશ્વરકારી નાથ૦
સુખ અનંતુ શીવપુર માંહે, આપજ્યો અંશ મને સુખકારી
નાથ અનંતજીન૦ ૩
જન્મ મરણના ફેરા નિવારો, આપ છો કૃપા તણા અવતારી
નાથ અનંતજીન૦
દીન અનાથને શરણું આપી, ધર્મની નાવથી લેજો ઉતારી,
નાથ અનંતજીન૦ ૪
નિર્યામક થઇ પાર ઉતારો, દુખ દારિદ્રને દોષ વિદારી, નાથ૦
સૂરિનીતિના બાલ **ઉદયને**, ભવસાગરથી લેજો ઉગારી.
નાથ અનંતજીન૦ ૫

॥ ધર્મનાથજીન સ્તવન ॥

(શીકહું કથની મારી રાજ) એ રાગ

મૂર્તિ મોહનગારી હો રાજ, મૂર્તિ મોહનગારી,
શેવે સુરનર નારી હો રાજ, મૂર્તિ મોહનગારી,

શાન્તરૂચી પરમાણુ નિપાઇ; લાગત બહુ જન પ્યારી,
જોતાં જાણી આંજ્યું સુધાંજન, ચક્ષુને આનંદકારી રાજ-મૂર્તિ૦ ૧

વાંછીત પૂરણ સુરતરૂ વેલી, દુરિત દુખ હરનારી,
અવર દેવની મૂર્તિ વિકારી, દીઠી ભયાનક ભારી રાજ-મૂર્તિ૦ ૨

અંગ ઉપાંગે સુરનર પૂજી, જીન પડીમા જયકારી
જે નહિ માને તે ભવ ભમશે, કહ્યું સૂત્ર આધારી રાજ-મૂર્તિ ૩

આપો કેવલ જુગલ પ્રભુ અમને, કરમ ભરમ સબહારી,
મોક્ષ મંદિરમાં અમને ચડાવો, દારિદ્ર દોષ વિદારી રાજ-મૂર્તિ૦ ૪

જગતારક પ્રભુ પ્રતિમા તારી, શોક સંતાપ હરનારી
ભવોદધિ તારક દુખ નિવારક, કલ્યાણસુખ કરનારી રાજ-મૂર્તિ૦ ૫

જીનવર પ્રતિમા જીનવર સરખી, ઉવવાઇ સુત્રમોઝારી
પંચમકાલમાં પૂર્ણાલંબન, નિર્વાણને આપનારી રાજ-મૂર્તિ૦ ૬

ધર્મધુરંધર ધર્મજીનેશ્વર, આપોને સુખ અવિકારી
હેત ધરીને સૂરિનીતિનો; ઉદય કરો સુખકારી રાજ-મૂર્તિ૦ ૭

॥ શાન્તિજીન સ્તવન ॥

(બલીહારી બલીહારી બલીહારી જગનાથ હો) એ રાગ.

અચિરાનાનંદન સ્વામિ નમનકરૂં શીરનામી, અરજીહ્યોને મારી સ્વીકારી
જગનાથ ! હો નમું તુજને શાતિજીન ! શાંતિ સેવક દીજીયેજી ૧

નરક નિગોદે ભમિયો, છેદન ભેદન ખમીયો,
કાલ અનંત બહુ દુખભારી— જગનાથ૦ ૨

ચારગતી આથડીયો, લડથડીયો ભવોદધિ પડીયો,
દીઠો ન દેદાર તુજ સુખકારી— જગનાથ૦ ૩

પૂરવ પુન્યે પાયો, દુર્લભ નરભવ આયો,
મૂર્તિ દીઠી છે ભય હરનારી— જગનાથ૦ ૪

સેવક અવગુણ સ્હામુ, જોશો નહિ લજ્જા પામુ,
કૃપાના આપ છો અવતારી,— જગનાથ૦ ૫

કરૂણા નજરથી સ્વામિ, જોવોને અંતરજામી,
ક્ષમાના આપ છો ભંડારી— જગનાથ૦ ૬

જન્મ મરણના ફેરા, નિવારો નાથ ! મેરા
ફેર ન લહું અવતારી— જગનાથ૦ ૭

ગુણ અનંતા તુજને, અંશ આપોને મુજને
સુખના આપ છો દાતારી— જગનાથ૦ ૮

બિરૂદ દુખભંજન તારો, તો ભવ પાર ઉતારો
ઉત્કૃષ્ટ આપ છો ઉપગારી— જગનાથ૦ ૯

દાસ તુજ શરણે આવ્યો, ભટકયો પણ કાંઇ ન ફાવ્યો
શરણ ગ્રહ્યું છે તુજ સુખકારી— જગનાથ૦ ૧૦

નીતિનો બાલ બોલે, હ્રદય નિખાલસ ખોલે
ઉદય નમે છે વારહજારી.— જગનાથ૦ ૧૧

॥ શ્રી કુંથુનાથજીન સ્તવન ॥

(વિમલા નવ કરશો ઉચાટ વહેલા આવશું રે) એ રાગ

કૃપાળુ કુંથુજીનેશ્વર, જન્મ મરણ નિવારજ્યો રે
દયાળુ જીનવર છો શિરતાજ, અરજ ઉર ધારજ્યો રે.

ભવભવ ભટકી શરણે આવ્યો, મોહરાજાએ બહુ ફસાવ્યો,
ભવસમુદ્રમાં પડતો દાસ બચાવજ્યો રે, કૃપાળુ૦ ૧

કુમતિ ડાકણની હુ સંગે, સુમતિ નસાડી રમ્યો હું રંગે,
સદ્‌બુદ્ધિ આપી કિંકર નિસ્તારજ્યો રે. કૃપાળુ૦ ૨

મોહ રાજાયે ફોજ મૂકી છે, એકાદશ ગુણુસ્થાન લગી છે,
સમકીત વારણુ મિથ્યાત યોદ્ધો વારજ્યો રે કૃપાળુ૦ ૩

તેહના શોળ કષાય વજીર, સાંભળતા પ્રજે છે શીર,
રાગ દ્વેષ મહા મલ્લથી મને છોડાવજ્યો રે, કૃપાળુ૦ ૪

નવમા યાવત્ વેદ શુભટ છે, અષ્ટમ યાવત્ હાસ્ય ખટક છે,
મોહનું જોર મિટાવી નિર્ભય આપજ્યો રે. કૃપાળુ૦ ૫

શીતેર સાગર કોડાકોડી, અંતર્મૂહુર્ત મોહની થોડી.
નૃપતિ મોહના પંજરથી નિકાલજ્યો રે કૃપાળુ૦ ૬

શરણુ નથી કોઇ તુજ વિણુ રખારે, નિજ સેવકની થાજો વ્હારે
કૃપાદષ્ટીથી શરણાગતને તારજ્યો રે કૃપાળુ૦ ૭

તરણુતારણનું બિરૂદ ધરાવણુ, તુજ સરિખો નહિ નાથ કહાવણુ
મુજ સરિખો નહિ દીન, દયાથી ઉદ્ધારજ્યો રે કૃપાળુ૦ ૮

ત્રણુરત્ન કિંકરને આપી, નિજ હાથ સેવક શીર સ્થાપી
મુક્તિપુરીનો સરલ પંથ દેખાડજ્યો રે કૃપાળુ૦ ૯

શીવનગરીના આપો છો સ્વામિ, મારા હૃદયના અંતરજામી
શીવપુર સુખનો સ્વાદ મને ચખાડજ્યો રે કૃપાળુ ૧૦

દ્વિકર જોડી અર્જ કરૂ છું, તુજ દર્શન અભિલાષ ધરૂ છું
સૂરિનીતિનો ઉદય કરવા આવજ્યો રે કૃપાળુ ૧૧

॥ અરનાથજીન સ્તવન ॥

(આજીંદગી વ્યર્થ ગુમાવી) એ રાગ

અરજીનવર પ્રભુ જયકારી (૨)
તન મન ધરી હું નમન કરૂં લેજો ભવસાગરથી તારી–અરજીન૦

નાથ નીરંજન ભવભય ભંજન, શુરવીર થઈ દમિતારી !
ક્ષાયિક ભાવથી કેવળ લીધું, મોહ મતંગજ મારી. અર૦ ૧

બંધ ઉદય સત્તા સત્રિકર્મ, ધાતી અધાતી પીલાવી,
શીવપુર પામી કર્મને વામી, જ્યોતિમાંજ્યોત મિલાંવી અર૦ ૨

સિદ્ધ અનંતા શિવપુરમાંહે, સુખ અનંતુ તેનું
સર્વ લોકનું એકઠું કરીયે, અંશ ન પામે જેનું અર૦ ૩

અજરામર સ્થાનક અવિનાશી, લોકાલોક પ્રકાશી,
એક એક પ્રદેશે તુજને, ગુણુ અનંતનો રાશી અર૦ ૪

સુખ અનંતુ મેળવ્યું આપે, શિવસુંદરીને સાધી,
દુખદરિયામાં લાગી છે મુજને, આધિ વ્યાધિ ઉપાધિ, અર૦ ૫

આશાકરી આવ્યો તુમ ચરણે, લાજ રાખો પ્રભુ મારી
શરણાગતને શરણું આપો, પીડા હરોને હમારી. અર૦ ૬

આજ થકી તું સાહેબ મારો, આણા ધરૂં છું તમારી,
સુરિનીતિનો ઉદય વધારી લેજો ભવથાં ઉગારી. અર૦ ૭

॥ મલ્લીનાથજીન સ્તવન ॥

(રાગ-હીંડી)

મલ્લીનાથ પ્રભુ નામ તારૂ સાચું,
તુજ શેવા વિણુ સર્વ અન્ય કાચું,
હવે પાપમાં કદી ન રાચું માચું— મલ્લીનાથ૦ ૧

આપે ક્રોધ માન માયા લોભ જીત્યા
હું તો તેહથી ફસાણો સુણો પિતા !
દુખ ભોગવું ઘણુાજ કાળ વીંત્યા— મલ્લીનાથ૦ ૨

એક એક પ્રદેશે અનેકવાર,
મરણુ જન્મ કર્યાં મેં અનંતવાર
પંચમાંગ તેનો આપે છે આધાર— મલ્લીનાથ૦ ૩

ઘણી વખત મૂળા ભાવથી વેચાણો
ભસ્મ જેમ વગર કીંમતે દેવાણો,
જન મુખથી હું નગુણો કેવાણો— મલ્લીનાથ૦ ૪

મુજ ઉપર કરી કર્મે દૃષ્ટી વાંકી
શુભસ્થાનકેથી કાઢયો મને હાંકી
દુખ દેવામાં મને ન રાખી બાકી— મલ્લીનાથ૦ ૫

નારકી પણામાં હું ઘણું વિંધાણો
પરાધિનપણું તિરિય ગતિ જાણો
ગતી ચારમાં ઘણું જ ઘવરાણો— મલ્લીનાથ૦ ૬

હવે આશરો લીધો છે મેં તમારો
દુખ દુર્ગતિના ભયથી મને વારો
દયા લાવી પ્રભુ ! અર્જ ઉરધારો— મલ્લીનાથ૦ ૭

કૃપા સિંધુ ! ભવપાથોધિથી તારો
તુમ વિણુ પ્રભુ એકે નથી આરો,
સૂરિનીતિનો ઉદય કરોને સારો,— મલ્લીનાથ ૮

॥ મુનિસુવ્રતજીન સ્તવન ॥

(ભવિ તુમે વંદોરે સૂરીશ્વરગચ્છના રાયા) એ રાગ

ભવિ તુમે વંદોરે મુનિસુવ્રતજીન રાયા,
પાપ નિકંદો રે, સફળ કરો નિજ કાયા—

રાજગૃહી નગરીમાં જન્મ્યા, પિતા સુમિત્ર રાય
પદ્માદેવી માતા છે જેહની, વીશ ધનુષ્યની કાય, ભવિતુમે ૧

શાન્તરાગ પરમાણુ બનેલી, કાયા કંચન વાન
સમવસરણમાં સુરનર પૂજિત, શ્રી સુવ્રત ભગવાન ભવિતુમે ૨

માયા મમતા મોહને મારી, કર્મ કલંક વિદારી,
શીવપુરના સોપાન ચડીને, સન્મુખકરી શીવનારી, ભવિતુમે ૩

જન્મ મરણના ફેરા ટાળી, અજરામર પદ કામી
આવિર્ભાવથી ગુણ પ્રગટાવ્યા, શીવસુંદરીને પામી, ભવિતુમે ૪

દિન ઉદ્ધારક દુખ નિવારક ! ભવોદધિ તારક સ્વામિ
મુજરો મારો માની લેજો, પ્રણમું છું શીરનામી ભવિતુમે ૫

ભવોભવ તુજ ચરણની સેવા, માગું છું અવિનાશી !
અવર ઇચ્છા જીનજી ! નથી મારી, દેજો શીવપુર વાસી ! ભ૦૬

મુનિસુવ્રત પ્રભુ પરમ કૃપાળુ, ચિત્ત ચોટયું તુમ ચરણે,
હેત ધરીને **સૂરિનીતિ**નો, **ઉદય**ને રાખો શરણે ભવિતુમે ૭

॥ નમિજીન સ્તવન ॥

(રાગ ઇંદ્રસભા-ગજલ)

(મુજ ઉપર ગુજરી પીતા પાદસાહ જાણી) એ દેશી

પ્રભુ નમિનાથ ભગવાન અરજ ઉર ધારો,
તુજ શેવાવિણ હવે એકે નથી મુજ આરો
તારકતા જાણી તુજની આવ્યો તુમ શરણે
મુજ તારો ભવોદધિ નાથ ! પડ્યોછું ચરણે. ૧

આપ વિષય કષાયો મોહ દ્રોહથી છુટ્યા,
હલ્લો કરી તેતો મુજપર આવી તુટ્યા,

જપવા નથી દેતાં મુજને એકે ક્ષણમાં,
મને સ્હાય કરો જગનાથ! પડ્યોછું રણમાં ૨

મોહરાયે મુજને ઝેર કર્યો બહુ દીનથી,
મુજ લજ્જા લાવો નાથ! ઉતારો ભવથી,
ઉદ્ધાર પ્રભુજી! મારો છે તુમ હાથે,
સેવક જાણીને હસ્ત મૂકો મુજ માથે. ૩

દયા લાવી ભવ ચારકથી મૂકાવો મુજને,
દયાસિંધુ! ઘણી ઘણીવાર શું કહુ તુજને!
મુજ વાંક તણો નહિ પાર ભર્યો દુર્ગુણથી
તે બક્ષિસ કરીને તમે ઉતારો ઋણથી. ૪

પ્રભુ! તુજ વિણ નહિ યાચું અવરની પાસે,
તુજ નામ લહું શતવાર એક ઉસાસે,
પ્રભુ રત્નત્રયીની નાવ દઈ મુજ તારો,
ખરો આશરો મુજને નમિજીનવર તુમારો ૫

મુજ અવગુણનો નહિ પાર દુખથી ભરિયો
તુજ ગુણ અનંત અપાર, પાર ઉતરીયો,
સુખ સિંધુમાં ગરકાવ થયા છો પોતે,
દુખદરિયે હું ગરકાવ મર્યો વિણ મોતે, ૬

કૃપા કરી મુજ તાર અલખ અવિનાશી!
તુજ રહેમનજરથી છું શીવપુર અભિલાષી
સૂરિનીતિવિજયનો, બાલ કહે કરજોડી,
આપો **ઉદયને**, ભવસાગરમાં હોડી. ૭

॥ નેમિજીન સ્તવન ॥

આજ હમારે સુરતરૂ પ્રગટયો, આજ આનંદ વધાઇ,
નેમિ પ્રભુજીકો દર્શન નિરખ્યો, આજ અનંદ વધાઇ ( )

સમુદ્રવિજયકો નંદન નિરખ્યો, શીવાદેવી જાકી માઇ હે
શમદમખમ પ્રભુ ગુણનોદરિયો, ભવ ભવમે સુખદાઇ. આજ ૧

ભવ અટવીમે ભવ્ય જીવોકો, પૂર્ણ પણે પ્રભુ સ્હાઇ હે
આપકી મુદ્રા દેખત મેરેમનમે, શાન્તિ છવાઇ હે, આજ ૨

કુમત મત સબ દુરમે કીનો, આપચરણુ ચિત્ત લાઇ હે
કામ સુભટકો જીતનસે પ્રભુ, તુમરીઅધીકી વડાઇહે આજ ૩

સેવકકો પ્રભુ તુમરી વાણી, નિશ્ચે મુગતી દાઇ હે
ભવ રોગ નાબુદ કરકે સુધા, અજરામરપદ પાઇહે આજ ૪

નાથ નિરંજન ભવ ભયભંજન, તુમ અકલંક અમાઇ હે
ભવજળ તારણુ દુખ નિવારણુ, સુરતરૂસમ સુખદાઇહે આજ ૫

નીતિસૂરિકા ઉદયહુવાઅબ, તુમદર્શન જબ પાઇ હે
મીટ ગયા જન્મ મરણુકા ફેરા, એસબ તુમરી કૃપાઇહે આજ ૬

॥ પાર્શ્વજીન સ્તવન ॥

હે પ્રભુ પાર્શ્વજીન શ્રવણુ કરોને અર્જ હમારી,
ભવોભવ ભમીયોછું નાથ ! સેવા ન લહી તુમારી
તેથી કહેતાં આવે છે મુજ લજ્જા ભારે.
પણુ શું કરૂં લાચાર ભવ પીડે છે વધારે, ૧

તે માટે પ્રભુ ! શરણુ તુમારૂ માથે ચડાવી,
ભવાંભોનીધિથી તારી તેમાં મમ પડતો બચાવી,
જો નહિ તારો તો ચાર કષાયરૂપ વૈરી મારા,
કુમતિ ડાકણુ આવી પડાવશે અશ્રુ ચોધારા, ૨

વળી પણુ તૃષ્ણાતરૂણી આવી મુજને ભોળવશે,
કરીને નાટરંગ નરક નિગોદમાં પડવશે,
પુનરપિ મોહ મદિરા પાઇ મમ વિકલ કરશે,
સદ્બુદ્ધિ કરશે નાશ ત્રણુ રત્ન મુજ હરશે ૩

બાજી મંડાવા આવશે બોલાવી કર્મને તેડી,
મિથ્યાગીત સુણાવી અપાવશે નરકની બેડી
અનાદિ કાળના રાગ-દ્વેષ બે શત્રુ મારા,
તેથી નિર્ભય કરીને નાથ! પડયોછું શરણુતુમારા ૪

પ્રભુજી ! આપે બિરૂદ ધરાવ્યું તરણ તારણનું
તોપણ આપનો દાસ ભટકેછે તેનું કારણ શું ?
જીનવર ! આપછો અશરણશરણ કૃપારસસિંધુ
છો નિર્મોહિ નિરાગી છો નિષ્કારણ બંધુ, ૫

તુંહી બ્રહ્મા તુંહી શંકર તુંહી જગ દેવા,
કરતાં ત્રિભુવનલોક તુજ પદ પંકજ શેવા,
અવર નથી કોઇદેવ જગતમાં તુજ ગુણજેવા,
મુજ સરિખા કૃપાનેપાત્ર નથી આજગમાં એવા ૬

તે માટે પ્રભુ મારી અરજી ઓધો બીજની,
ભવોભવ આપો નાથ ! સુખ અક્ષય દુખહરજી
નીતિના બાળની **મુનિઉદય**ની વીનંતી ધારી
દેજો શીવપદ માર્ગ ભવસાગરથી તારી ૭

॥ પાર્શ્વજીન સ્તવન ॥ (૨)

(રાગ-ઠુમરી)

જીનવર ભક્તિ ચિત્તમાં ધરીજે, પાપપડલના તિમિર હરીજે
પાસજીણંદની પૂજા કીજે, નરભવપામીને લ્હાવો લીજે, જીનવર ૧

ઉપશમ જળનું સ્નાન કરીજે, ક્ષમા ચંદન પ્રભુને અર્ચીજે
શુચી કોમલતા કેશર લીજે, સમકીતમૃગમદમાંહે ભેલીજે જી૦ ૨

પંચાચાર તે પુષ્પની માળા, ગુંથી પ્રભુને અંગે ઢોકીજે,
નવપદ નવસેરોહાર સુગંધી હર્ષથી જીનવર કંઠે ઠવીજે, જી૦ ૩

જ્ઞાન દીપક ઉપયોગ ધ્યાનસમાં, ધુપધાણુ શુક્લધ્યાન તપીજે
ધુપ દશાંગી કર્મના દળીયા.બાળીને સ્વ સ્વભાવે રમીજે. જીન૦૪

અનુભવ દર્પણ સન્મુખ કીજે, પ્રફુલીત ચિત્તચામર વિંજીજે
અક્ષતમૂકી અક્ષતપદ લીજે,સ્વસ્તીક કરી ગતીચાર છેદીજે જી૦૫

નિરિચ્છા સ્થાળ નૈવેદ મૂકી અણુહારી પદ માગણી કીજે,
પ્રભુની આણા શીરે ચડાવી, ચિત્તપ્રસન્નથી શીવફળ લીજે જી૦૬

દ્રવ્ય ભાવથી જીનવર ભક્તિ, પૂજા કરી ચિત્ત નિર્મલ કીજે,
ભાવથી નીતિનો ઉદય કરીને શીવપુરસુંદરી વેગેવરીજે જી૦૭

॥ મહાવીરજીન સ્તવન ॥

(પોઢો મારા નાથ સુખથી પોઢો મારા નાથ) એ રાગ
અથવા ધનાશ્રી–રાગ.

કરૂણા કરો દીનાનાથ મુજપર, કરૂણા કરો દીનાનાથ
ત્રીસલાનંદન ત્રિજગવંદન, વીર પ્રભુ ! ઝાલો હાથ, મુજપર૦ ૧

કાલઅનાદિ ભવમાં ભમીયો, કોઇયે ગ્રહ્યોનહિ હાથ ”
પરમોપકારી તરણુતારણ પ્રભુ, તુમ સમમળીયો ન નાથ ” ૨

ભવસાગરમાં આપ નિર્યામક, શીવપુરના છો સાથ ”
મહાગોપ મહામાહણ ઉપમા, શોભિત છો દીના નાથ ” ૩

સમકીત સુખડી આપો પ્રભુજી, માગુ છું જોડીને હાથ ”
તીરોભાવે મુજ ગુણ રહ્યા છે, આવિર્ભાવે કરો નાથ ” ૪

પ્રગટ કરવા આપ સમર્થ છો, ભીડભંજન જગનાથ, ”
હવેથી કુમતિનો ત્યાગ કરૂછું, થાઉ હું જેથી સનાથ ” ૫

સિદ્ધારથને કુલે નગીનો, સુખ સંપત્તિ દાતાર ”
સેવક અરજી ધ્યાનમાં લઇને, ઉતારો ભવપાર. ” ૬

ધર્મના પંથે સારથી આપછો, કૃપાતણા અવતાર ,,
અશરણ શરણ દયાના સાગર, દુર્બોધના દળનાર; ,, ૭
બોધીરત્ન દેવામાં જીનજી; લગાડશો નહિ વાર ,,
સમકીતદાનથી નીતિનો થાશે, ઉદયનણો અવતાર મુજપર૦ ૮

॥ આરતી. ॥

જયદેવ-જયદેવ !

જય ત્રિભૂવન સ્વામિ, પ્રભુ જય ત્રિભુવન સ્વામિ.
સુરનર તુજ પદપંકજ(૨) શેવે શીરનામી, જયદેવ૦ ૧
અલખ નિરંજન દેવ પ્રભુ અલખ નિરંજન દેવ.
તુમ વિણ તારક બીજો(૨) જગમાં કોઇ ન દેવ, જયદેવ૦ ૨
અભયદાન દાતા, પ્રભુ અભયદાન દાતા,
જગમાં સર્વ જીવોને (૨) તું પ્રભુ છે ત્રાતા જયદેવ૦ ૩
શીવસુખનો દાતા, પ્રભુ શીવસુખનો દાતા
સમકીત ગુણને આપી (૨) મોક્ષપંથ દાતા જયદેવ૦ ૪
તુંછે જગ ભ્રાતા, પ્રભુ તુંછે જગ ભ્રાતા
દુખનું બંધન છોડી (૨) કરે છે સુખ શાતા જયદેવ૦ ૫
નિર્યામક છો નાથ; પ્રભુ નિર્યામક છો નાથ
ધર્મની નાવ ઝલાવી (૨) તારો ગ્રહીને હાથ જયદેવ૦ ૬
શીવપુરનો તું સાથ, પ્રભુ શીવપુરનો તું સાથ
ભવ અટવીમાં તારું, (૨) આલંબન છે નાથ જયદેવ૦ ૭
શિવમારગ દર્શક, પ્રભુ શિવમારગ દર્શક
જીવને અટવીમાંથી (૨) પંથમાં આકર્ષક જયદેવ૦ ૮
જગતારક જીનદેવ, પ્રભુ જગતારક જીનદેવ.
સુરવર નરવર સઘળા (૨) જેહની સારે શેવ જયદેવ૦ ૯

સુણો દેવાધિદેવ, પ્રભુ સુણો દેવાધિ દેવ
નીતિવિજયસૂરિનો (૨) **ઉદય** કરો તત્ખેવ. જયદેવ૦ ૧૦

॥ મંગળ દીવો ॥

(ચારો મંગળ ચાર) એ રાગ

દીપક મંગળમાળ ધરીયે દીપક મંગળમાળ,
મંગળકારી મંગળદીપક, કરીયે અરિહાપાસ—ધરીયે
વિઘ્નવિનાશક શાંતિ પ્રકાશક, ધરિયે ચિત્ત ઉલ્લાસ— ધરીયે ૧
કષ્ટ વિદારણ શિવસુખ કારણ, જીનવર જગત દયાળ ,,
પ્રભુની પાસે દીપ કરતો, નૃપતિ કુમારપાળ ,, ૨
જીનગુણ ગાવો ભાવના ભાવો, પામો ભવનો પાર, ,,
દીપ ધરંતો મંગળ પામે, સુખ સંપદ વિસ્તાર. ,, ૩
કર્મ હઠાવો કેવલ પાવો, કાઢો સુખમાં કાળ ,,
શીવસુંદરીનો હસ્ત મિલાવો, **સૂરિનીતિ**નો બાલ. ,, ૪

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન ॥

(વીરા વેશ્યાના યારી ઉભા અટારી) એ રાગ
અથવા રાગ આઠ.

શંખેશ્વર સ્વામિ અંતરજામી, વંદુછું વારમવાર,
અષ્ટકર્મને વામી શીવપુર પામી ભવજલ પાર ઉતાર,
અશ્વસેનકુલ ચંદલોરે, વામાદેવીનો નંદ
પ્રીયંગુવર્ણ શરીરનો રે મુખ પુનમનોચંદ રે,— શંખેશ્વર ૧
શતવર્ષાયુ આપનુ રે, નવકર દેહ પ્રમાણ
જાદવ લોકનીજરા નિવારી આપો કેવળ ભાણ રે શંખેશ્વર ૨
આવિર્ભાવથી તાહરે રે, ગુણ અનંત અપાર
તિરો ભાવથી માહરે રે, અવરાણા છે અપાર રે- શંખેશ્વર૦ ૩

અજરામર અકલંક અરૂપી, અગમ અગોચર રૂપ,
અલખનિરંજન જ્યોતિ પ્રકાશી, અવિનાશી ચિદ્દરૂપરે શંખેશ્વર ૪

શીવનગરીનું સુખ આપે, મેળવ્યું છે શીરતાજ !
તેમાંથી અંશ દાસને રે, આપજો ગરીબનિવાજ રે શંખેશ્વર ૫

ભવોદધિતારક દુખનિવારક. તરણ તારણ જહાજ.
સૂરિનીતિનો ઉદય કરીને, દેજ્યો શીવપુરરાજ રે શંખેશ્વર ૬

॥ શ્રી પર્યુષણ સ્તવન ॥

(શી કહુ કથની મારી રાજ) એ રાગ.

પર્વ પજુષણ ભારી રાજ, પર્વ પજુષણ ભારી
જીવોને હર્ષ વધારી રાજ,, પર્વ પજુષણ ભારી

પુન્ય ઉદયથી પર્વને પામી ધર્મ કરો સુખકારી
ફરીફરી માનવભવની આશા, રાખશો નહિ નરનારી રાજ–પર્વ૦૧

પ્રબલ પ્રમાદ દશા પરિહારી, જ્ઞાન વિવેક વધારી
સમ્યકદર્શન ગુણ પ્રગટાવી, મિથ્યાભાવ વિદારી, રાજ–પર્વ૦ ૨

વિષયાદિ આશ્રવ અપહારી, સંવરભાવ સ્વીકારી
નિંદા વિકથા દુર નિવારી, વૈર વિરોધ વિસારી, રાજ–પર્વ૦ ૩

કષાયભાવની વાસના વારી, માયા મમતા મારી,
અનુપમ શાંતદશાગુણ લાવી, આતમતત્ત્વ વિચારી રાજ–પર્વ૦૪

જીવહિંસા તજીયે નરનારી, ભાષા દોષ નિવારી
આતમ નિર્મલ કરવા કાજે, સુણો આગમઅધિકારી રાજ-પર્વ૦૫

અઠ્ઠાઇધર દીન પૌષધ લીજે, શોક સંતાપ સંહારી,
આઠદીવસ લગે અમર પળાવો, જીવોને આનંદકારી રાજ–પર્વ૦૬

છઠ્ઠ અઠ્ઠમ અઠ્ઠાઇ તપસ્યા, કર્મ કલંક હરનારી,
આદરીયે શુદ્ધપરિણુતી ધારી, મંગળ પદ દેનારી રાજ–પર્વ૦ ૭

વિનય કરી ગુરૂ પાસેથી લાવી. કલ્પને ચિત્ત સુધારી,
પધરાવો શુભભાવ વધારી, ઘરમાં મંગળકારી રાજ-પર્વ૦ ૮

ઓચ્છવ કરી મહા તીથી ઉજવીયે, ઉન્નતિ દર્શાવનારી
સંઘ સહિત ગુરૂ મુખેથી સુણો, વાણી ઉદય કરનારી રાજ-પર્વ૦૯

તેલાધર દીન ત્રણ કલ્યાણક, ગણધર વાદ વિસ્તારી.
પાસ નેમિશ્વર અંતર ત્રીજે, રૂષભ કથા મનોહારી રાજ-પર્વ૦૧૦

બારસાસૂત્રને છેલ્લું સાંભળીયે, સંવત્સરીદીન ભારી.
પ્રતિક્રમણમાં સહુ સંઘની સાખે, ખમાવીયે નરનારી. રાજ-પર્વ૦૧૧

પધરામણી કરો સંઘની ઘરમાં, પહેરામણી કરો સારી.
સાહમીવત્સલ ગુરૂદેવ પૂજા; કરો આનંદ વધારી રાજ-પર્વ૦ ૧૨

ચાર નિકાયના દેવો મળીને, ભક્તિભાવ વધારી.
આઠદીવસલગે નંદીસર જઈ, ઓચ્છવ કરે વિસ્તારી. રાજ-પર્વ૦૧૩

કલ્યાણકારી પર્વને ધારી, શેવો તમે સુવિચારી,
સૂરિનીતિના ચરણ શેવનથી, પામો **ઉદય** નરનારી.રાજ-પર્વ૦૧૪

॥ શ્રી શત્રુંજય તીર્થ સ્તવન ॥

(ઇડર આંબા આંબલી રે) એ રાગ.

કીધા કર્મ નીકંદવારે, લેવા મુક્તિનું રાજ
હત્યા પાતક છુટવારે, એ ગીરી તીર્થ જહાજ— ભવીકજન ! ૧

સેવો વિમળ ગીરીંદ, સેવે સુરનર વૃંદ.— ભવીકજન ! ૨

રૂષભજીણંદ સમોસર્યા રે, પૂર્વનવાણું વાર
પુંડરીક ગણધર શીવવર્યારે પંચકોટી અણગાર ભવીકજન ! ૩

નમિવિનમિ દોય શીવવર્યારે, દોયકોટી મુનિરાય
દ્રાવીડ વારિખીલ્લ દશકોટીરે, સાથે શીવપુર જાય ભવીકજન ! ૪

ભરત પાટે પૃથ્વી પતિરે, અસંખ્યાત શીવજાય
સાગરમુનિ એક કોટી શું રે, શત્રુંજય સુપસાય. ભવીકજન ! ૫
રામભરત ત્રણ કોડ શું રે, પામ્યા ભવજળ પાર
કોડી સાડી આઠ શીવવર્યારે, સાંબ પ્રદ્યુમ્નકુમાર ભવિકજન ! ૬
કદંબગણધર સિદ્ધ થયારે, કોટી સહિત અણગાર.
થાવચ્ચા પુત્ર સહસમુનિરે, પામ્યા ભવજળપાર. ભવિકજન ! ૭
જીનવર ત્રેવીશ નેમવિનારે, આવ્યા વિમળ ગિરિંદ,
ભાવી ચોવીસીએ આવશેરે, પદમનાભાદિજીણંદ, ભવિકજન ! ૮
એકલાખસાથે આદિત્યયશારે, પામ્યા અવિચળ સુખ,
એકાણુંલાખસાથે નારદેરે, લીધું મુક્તિનું સુખ. ભવિકજન ! ૯
ગુણ અનેક ગીરીવરતણારે, કહેતાં ન આવે પાર
ભવજળ તીરથ નાવડી રે, વંદુછું વારમવાર ભવિકજન ! ૧૦
જેમજેમ ગીરી સન્મુખગતીરે, તેમતેમ પાપ પલાય
પંચમ કાલે પ્રાણીનેરે, મોક્ષનું સાધન થાય. ભવિકજન ! ૧૧
અષ્ટોત્તર શતનામછે રે, મુખ્ય તેમાં એકવીશ
શત્રુંજય તેમાં ધુરછે રે, નામ નમો નીશદીશ ભવિકજન ! ૧૨
જીનવર સરખી જીનપ્રતિમારે; ઉવવાઇ સૂત્રમોઝાર
ગીરીવર ઉપરે ભાવથીરે પૂજો અનેક સુખકાર ભવિકજન ! ૧૩
રૂષભ જીણંદની પાદુકારે, રાયણ હેઠ કહેવાય
દર્શનથી લોચન ઠરેરે, ચિત્ત પ્રફુલિત થાય. ભવિકજન ! ૧૪
ઓગણીશએંશીની સાલમાંરે, **સૂરિનીતિ**ની સંગાત
વિમળગીરીવર ભેટંતારે, પામ્યો ઉદયસુખશાત ભવિકજન ! ૧૫

॥ શ્રી ગીરનાર મંડન નેમિજીન સ્તવન ॥

(મહેતાજીરે શું મહીમૂલ બતાવું) એ રાગ
અથવા ગીરધારીનો

નેમિનાથજી રે, અરજી મારી સ્વીકારો,
ખરો આશરો એક તુમારો,
આ ભવમાંરે, એકે નથી કોઇ આરો, ઉદ્ધાર કરો પ્રભુ મારો

પ્રભુ તું છે મુજ મન પ્યારેરો, મારી વિનતડી અવધારો રે
કરી કરૂણા રે, મોહના ભયથી વારો ખરો ૧

રેવતાચળ મંડન સ્વામિ રે, માતા શીવાદેવી ગુણ ધામી રે,
દયાસિંધુ રે દીન અનાથને તારો ખરો૦ ૨

જેના ત્રણ કલ્યાણક જાણો રે, જાદવપતિ નેમિ વખાણો રે,
રૈવતગીરી રે, પંચમશીખર પ્યારો ખરો ૩

ખોલો શીવનગરીના દ્વારો રે, અષ્ટકર્મ મતંગજ મારો રે,
નિરાશ્રય રે, જાણી અરજ ઉરધારો, ખરો૦ ૪

ચાહું ચરણ કમલની શેવા રે, આપો સમકીત સુખડી મેવા રે,
આવ્યો શરણે રે, શરણુ આપી ઉગારો ખરો૦ ૫

મારા કષ્ટ પ્રભુજી ! નિવારો રે, ભવસાગર પાર ઉતારો રે,
સૂરિનીતિને રે, ઉદય કરીને તારો. ખરો૦ ૬

॥ श्रीविजयनीतिसूरीश्वरपादपङ्केभ्यो नमः ॥

અથ ગહુંલી સંગ્રહ.

યોજક—

મુનિ-ઉદયવિજય,

॥ ગહૂંલી-સંગ્રહ ॥

ગહુલી ૧

(માલણ ગુંથી લાવ્ય ગુણીઅલ ગજરો) એ રાગ

દીવસ દીપે આજ મંગળકારી,
મારા ગુણ્યતાણી બલીહારી—દીવસ૦

ગુરૂ રાજનગરમાં આવ્યા, નિજ પરિવાર સાથે લાવ્યા
સહુ સંઘના મનમાં ભાવ્યા, દીવસ ૧

વિહાર કરી ગામોગામ, ઉપદેશ કરી ઠામોઠામ
કર્યું પાવન અમારૂ ગામ, દીવસ ૨

ધન્ય ભાગ્ય દિવસ મારો આજે, પૂરવ પુન્યે મલ્યા ગુરૂરાજ
મારા સઘળા સીધ્યા કાજ, દીવસ ૩

સખી સર્વ સાહેલી આવો, ગુરૂરાજને હર્ષે વધાવો
લીયો મનુષ્ય જન્મનો લ્હાવો, દીવસ ૪

મુનીરાજને વંદન દઇયે, વળી સમકીત સુખડી લઇએ
નમી વંદીને પાંવન થઇએ, દીવસ ૫

ગુરૂ વાણી અંતરમાં ધરીએ, નિજ કર્ણોનુ સાફલ્ય કરીયે
વીરતી પટરાણીને વરીયે દીવસ ૬

રૂદયે જ્ઞાનદીપક ધારો. સર્વ આશ્રવના દ્વાર વારો
કૂડી કુમતીને દુર નિવારો, દીવસ ૭

ચાર વિકથા નિત્ય વરજીયે, કર્મ વર્ગણાને દુર તજીયે
ત્રણુ તત્વ નિરંતર ભજીયે, દીવસ ૮
વ્રત નિયમ અભિગ્રહ કરીયે, નિત્ય પુણ્યતણી પોઠ ભરીયે
ભવસાગર સુખેથી તરીયે, દીવસ ૯
સૂરિનીતિ વિજયજીસોહાવે, ગુણગ્રામથી મહોદય થાવે
તસ શિષ્ય **ઉદય** ગુણ ગાવે દીવસ ૧૦
માર પુણ્યતણી બલીહારી, દીવસ દીપે૦

ગહુલી ૨

(રાગ ઉપરનો)

વ્હાલા ગુરૂરાજ ઉપદેશ આપે
ભવ વૃક્ષના બંધન કાપે— વ્હાલા
પંચમહાવ્રત શીરપર ધરતાં, નવાકર્મનાં લેપથી ડરતાં
સુદ્ધમાર્ગ બતાવાને ફરતાં વ્હાલા ૧
તપ તેજે કંચન સમ કાયા, છોડયા મોહરીપુ મદ માયા
ધન્યધન્યછે સદગુરૂ રાયા, વ્હાલા ૨
જ્ઞાન ધ્યાનથી કર્મ ખપાવે, શીવપુરીનો પંથ બતાવે
મોહમલ્લને પાછો હઠાવે; વ્હાલા ૩
તરે પોતે અને વળી તારે, દુર્ગતિમાં પડતાને વારે
ભવસાગર પાર ઉતારે વ્હાલા ૪
મોહ તિમિરને દુર કરાવે, પ્રભુ ફરમાન હ્રદયે ધરાવે
સુમતિ પટરાણી વરાવે, વ્હાલા ૫
સમકીત દઇ ભવ્યમાં થાપે, સર્ટીફીકેટ મોક્ષનુ આપે
ઘાતી અઘાતી કર્મને કાપે, વ્હાલા ૬
ભક્ષ્યાભક્ષ્યનુ ભાન કરાવે, હેય જ્ઞેયનું જ્ઞાન કરાવે

પેય પેયની જડતા હરાવે, ન્હાલા ૭

કૃત્યાકૃત્યનો રસ્તો દેખાવે પુણ્ય પાપના ભેદ બતાવે
કુમાર્ગમાં પડતો બચાવે, ન્હાલા ૮

ગુરૂરાજને શરણે જઇયે, નિત્ય આશ્રય તેહનો લહીયે
વળી શીરપર આણા વહીયે, ન્હાલા ૯

ગુરૂ**નિતિ** વિજયજી પસાય, સુરીશ્વરજીના પ્રણમો પાય
ઘેરઘેર **ઉદય** નિત્ય થાય, ન્હાલા ૧૦

ભવ વૃક્ષ૦ ન્હાલા૦

॥ ગહુલી ૩ ॥

(શ્રાવક વ્રત સુરતરૂ ફળીઆ) એ રાગ

નરભવમાં સદગુરૂ પામી, જ્ઞાનથી મોહ તિમિર વામી
દેવગુરૂમાં શ્રદ્ધા જામીરે, પુન્ય ઉદય મારો ફળીયો
કુમતી કુતર્કનો ભય ટળીયોરે, પુન્ય ઉદય ૧

જ્ઞાન દીપકમાં જગજોયુ, ઉપદેશથી અંતર ધોયું
પ્રભુવાણીમાં મન મોહ્યું રે, પુન્ય ઉદય ૨

શંસય સર્વ નાંખ્યા ભાંજી, ચક્ષુમાં જ્ઞાન સળીઆંજી
વિવેક બુદ્ધિ કરી તાજીરે, પુન્ય ઉદય ૩

સદગુરૂને વંદો ભાવે, બોધ આપી સુમતી લાવે
ગુરૂવિણ રસ્તે કોણ લાવે, પુન્ય ઉદય ૪

કાઠીઆ તેર નાંખો તોડી, ગુરૂપાસે રહો કરજોડી
વાણી સુણીયે મદમોડી, પુન્ય ઉદય ૫

ગુરૂપાસે વીરતી વરીયે, સંજમ આરામે વિચરીયે
દ્વાર નરકના બંધ કરીયે, પુન્ય ઉદય ૬

મન મર્કટને વશ કરીયે, સંજમ આરામે વિચરીયે,
શીવરાણી વેગે વરીયે રે પુન્ય ઉદય૦ ૭

પ્રભુની આણા શીરધરીયે, શ્રાવકના વ્રત ઉચ્ચરીયે,
ભવસાગરમાં નવિ ફરીયે રે પુન્ય ઉદય૦ ૮

વિશુદ્ધ ચિત્તને કરનારી ખોલાવે શીવપુર બારી,
પ્રભુવાણીની બલિહારી રે પુન્ય ઉદય૦ ૯

નીતિવિજય **સૂરિ** ગુરૂરાય, ચરણ કમલના સુપસાય,
શિષ્ય **ઉદય** ગુરૂગુણ ગાયરે પુન્ય ઉદય ૧૦

॥ ગહુલી ૪ ॥

(ભરતની પાટે ભુપતિરે) એ રાગ

ધન્ય ધન્ય સદ્ગુરુરાયને રે, જેણે ઓલખાવ્યો ધર્મ,—સલુણા
તે ગુરૂને નિત્ય વંદીયે રે, કીધા શાસ્ત્રના મર્મ ” ૧

ગુરૂ દીપક ગુરૂ દેવતા રે, ગુરૂ વિણુ જ્ઞાન ન હોય ”
ભવ સાગરમાં બુડતા રે, ગુરૂ વિણુ તારે ન કોય ” ૨

શીવપુરમાં જતાં સારથીરે, સહાય કરે ગુરૂરાજ ”
કાષ્ઠ હોડી સરીખા કહ્યા રે, તરણ તારણ જહાજ ” ૩

બદલો લેવા ન કરે ઇચ્છારે, તોપણ કરે ઉપકાર, ”
બદલો ગુરૂનો નવિ વળેરે, કહે છે ઠાણાંગ મોઝાર, ” ૪

ભવ ભ્રમણ કીધા ઘણા રે, કોઇએ ન ઝાલ્યો હાથ ”
માત પિતાદિ થયા ઘણા રે, ઉલટી ભરાવી બાથ ” ૫

સ્વારથના સર્વે સગાં રે, સ્વારાથયો પરિવાર, ”
જગમાં કોઇકોઇનું નહિરે, ધર્મ ખરો અણગાર ” ૬

ધર્મ વિનાના પ્રાણીયા રે, પામે છે દુખ અપાર, ”
ધર્મ દાતા ગુરૂજી મળ્યારે, ભવોદધિમાં તારનાર. ” ૭

એવા ગુરૂ જેહને મલ્યારે, ધન્ય તેહનો અવતાર ”
પૂર્ણ ભક્તિ શેવા કરો રે, સફળ કરો અવતાર ” ૮
નીતિવિજયસૂરિ વંદીયેરે, નિત્ય કરે ઉપગાર ”
થાય ઉદય ભવિજીવનો રે, પામે જયજયકાર ” ૯

॥ ગહુંલી ૫ ॥

(મહેતાજીરે શું મહીમૂલ બતાવું) એ રાગ
અથવા રાગ ગીરધારીનો

સૂરિશ્વરજીરે દેશના આપે મધુરી, સુણી કાઢો કરમ નિત્ય ભૂરિ
ભવી સુણીયેરે વિકથા છંડી દુરી, જેથી દશા ન આવે બુરી,
સદ્‌બોધથી માર્ગે ચડાવે રે, કુમાર્ગથી પાછા હઠાવે રે
વિવેકથી રે મોહનાં દ્વાર દે બુરી સુણી૦ ૧
નય નિક્ષેપનુ જ્ઞાન કરાવે રે, હેય જ્ઞેયનો બોધ ધરાવે રે
જ્ઞાન આપેરે અંત ધરાવી પુરી સુણી૦ ૨
ચરણ કરણનો અર્થ જણાવે રે, નવતત્ત્વના ભેદ સુણાવે રે,
સમકીતથીરે પાપપડલ કરે દુરી સુણી૦ ૩
સપ્ત ભંગી પ્રમાણ ભણાવેરે, જૈનધર્મની શૈલી જણાવે રે
ષટ્‌દ્રવ્યનુરે જ્ઞાન કરાવે ધુરિ સુણી૦ ૪
ઉત્સર્ગનો માર્ગ બતાવેરે, અપવાદને સાથે દેખાવે રે
સ્યાદ્વાદનુ રે ભાન કરાવે સુરી સુણી૦ ૫
પાંચ મિથ્યાત્વના ભેદ કાઢે રે, રાગ દ્વેષની ગ્રંથીને વાઢે રે
મોહરાયનેરે પાસે કરાવે મજુરી સુણી૦ ૬
નર્ક સર્ગની સીડી દેખાવે રે, અપવર્ગનો પંથ બતાવે રે
તપ ગુણથીરે કર્મને નાંખે ચુરી સુણી૦ ૭
નિશ્ચય વ્યવહાર સુણાવે રે, મોહ મહીપતી મ્હેલ ખણાવે રે
કાઢે મુળથી રે સાત પ્રકૃતિ ચુરી સુણી૦ ૮

પાંચ ઇંદ્રીયવાજી દમાવે રે, ધર્મરાયની ફોજ જમાવે રે
દુર્મતીનારે શીરપર મુકે છુરી સુણી૦ ૯
સૂરિનીતિવિજય ગુરૂરાયા રે, રાજનગરે ગુરૂગુણ ગાયા રે
ઉદયથી રે સંઘમાં મંગળતુરી સુણી૦ ૧૦

॥ ગહુંલી ૬ ॥

(આહિ તે અરિહંત અમ ઘેર આવો રે) એ રાગ.

આદી તે અરિહંત, દર્શને જઇયેરે,
કરી ઉપશમ જળનું સ્નાન નિર્મળ થઇયે રે
શિયલ ધરી શુદ્ધ વસ્ત્ર, દેહ શોભાવો રે
વળી શ્રદ્ધા કુંકુમ ભાલ, તિલક બનાવો રે ૧

સોમવારે સમકીત, ધરો શુભ ભાવે રે,
શીવપુરનો છે સંદેશ, કેવલી ગાવે રે
દુર કરો મિથ્યાત, સદ્ગુરૂ સંગે રે
ચિત્તચોખ્ખુ કરી પચખાણ, ધરીયે રંગેરે ૨

મંગળે માંગલિક કાર્ય કરીયે પ્રીતે રે,
કરો નવકાર મંત્રનો જાપ, ઉજળે ચિત્તે રે,
નવપદ નવસેરોહાર, કંઠે ધરીયે રે
મુદ્રિકા નિયમ વિશેષ, અંગુલી ભરીયે રે ૩

બુધવારે ગુણ આઠ બુદ્ધિના ધારો રે
કરી કાઠીયા તેરને દુર, મોહને મારો રે
પ્રભુ તણુ ફરમાન, નિત્ય સાંભળીયે રે
થઈ સરલ અને નિર્દંભ. ગર્વને ગળીયે રે, ૪

ગુરૂવારે ગુરૂદેવ સ્મરણ કરીયે રે,
દઇ દાન સુપાત્રે નિત્ય, પુન્યને ભરીયે રે
દુર્ગતિને દુખનું મૂળ, હિંસા તજીયે રે,
રાત્રી ભોજનનું પાપ, નિત્ય વરજીયે રે ૫

શુક્રે સદ્ગુરૂ પાસ, વ્રત આદરીયે રે
શીયલથી સંકટ જાય, ભવજળ તરીયે રે,
સીતા સુભદ્રા દમયંતીને જાણો રે,
સતીયોનાં દૃષ્ટાંત લઇ, ઉલટમન આણો રે, ૬
શનીયે સારા કૃત્ય, મળીને કરીયે રે,
શીવનગરીનું સોપાન, વીરતી ધરીયે રે,
રહી રાજનગર ચોમાસ, સૂરીશ્વર ભાવે રે
ગુરૂ**નીતિવિજયજી**પસાય, **ઉદયગુણ** ગાવેરે, ૭

॥ ગહુંલી ૭ ॥

(સુણો ચંદાજી સીમંધર પરમાતમ પાસે જાજો) એ રાગ

સુણો ભવિકજનો ! નીતિવિજય મહારાજની સેવા કીજીએ,
ભક્તિવંત બનો, એવો અવસર ફરી ફરી કયારે લીજીયે,

ગુરૂ કર્મ કાદવના ક્ષાલક છે, કુમતિ કુતર્કના ગાલક છે
ષટ્કાય તણા પ્રતિ પાલક છે સુણો૦ ૧
ગુરૂ જ્ઞાનગુણે કરી ભરીયા છે, સંયમ વીરતીને વરીયા છે
વળી ઉપશમ રસના દરીયા છે, સુણો૦ ૨
શુદ્ધ પંચ મહાવ્રત ધારક છે, વળી મોહ રીપુ મદ વારક છે
સંસાર સમુદ્રના તારક છે, સુણો૦ ૩
કર્મ આશ્રવના દ્વાર રોધે છે, વળી ભવીક જીવ પ્રતિ બોધે છે
નિત્ય આત્મ ખજાનો શોધે છે સુણો૦ ૪
જેણે સાત ભયોને વાર્યા છે, ત્રણ તત્વો દીલમાં ધાર્યા છે,
કામ ક્રોધ કષાયને માર્યા છે સુણો૦ ૫
જેઓ શીલાંગરથના છે ધોરી, ગ્રહી સુત્ર સિદ્ધાંત તણી દોરી
ઉપદેશથી તાર્યા નરનારી સુણો૦ ૬
સદા પંચ આચારને પાલે છે, કુગતિમાં પડતા વારે છે

શીવસુંદરી શીઘ્ર વરાવે છે, સુણો૦ ૭

ગુરૂ જ્ઞાન ક્રિયામાં પૂરા છે, મોહરાય ભેદનમાં શૂરા છે,
મન શોધનમાં વાગુરા છે, સુણો૦ ૮

એહવા ગુરૂના દર્શન કરીયે, ભવોભવના પાતીકડા હરીયે
ભવસાગર સુખેથી તરીયે, સુણો૦ ૯

સૂરિનીતિવિજયજીમહારાય, જેના **ભાવવિજયજી** ગુરૂરાય
તસ શિષ્ય **ઉદય** પ્રણમે પાય. સુણો ૧૦

॥ ગહુંલી ૮ ॥

(ભવજળ પાર ઉતાર જીણંદજી ભવજળ પાર ઉતાર,)

રાગ-ધનાશ્રી

જીનવાણી સુરસાળ ભવીજનો ! જીનવાણી સુરસાલ ( )
સાકરથી પણ અધિક મધુરી, સાંભળો થઇઉજમાલ ભવીજનો ૧

અમૃતને પણ નાંખે હરાવી, દ્રાક્ષ નાસી વનમાંય ,,
કિન્નરી ગાયન સ્વર્ગપુરીમાં, કોળામાં ઇક્ષુ પીલાય ,, ૨

વચનામૃતનું પાન કર્યાથી, અજરામર પદ પાય ,,
ગુરૂમુખ વાણી કાન ધરેતો, ભવની ભીતિ જાય ,, ૩

નરભવ પામી ગુરૂની વાણી, સુણે નહિ કોઇકાળ ,,
ધિક્કારછે એના માનવભવને, બોલે ઉપદેશ માળ ,, ૪

સ્વપરજીવનું હિત ઇચ્છોતો, સાંભળો થઇ એકતાન ,,
આગમ સુણી સાર ગ્રહીને, ધરજ્યો પ્રભુનું ધ્યાન, ,, ૫

જગતમાં તેને શ્રાવક કહીયે. નિત્ય સુણે વ્યાખ્યાન ,,
વિવેક દીપક આગળ કરીને, ક્રિયામાં શુદ્ધ ધ્યાન ,, ૬

સદ્ગુરૂ સંગત ગુણ છે મોટો. નિર્મલ ચિત્ત કરનાર ,,
સમકીત આપી શીવ પહોંચાડે, ભુલાય કેમ ઉપગાર. ,, ૭

કુટીબદ્દામ એક આપણી પાસે, માગે નહિ કોઇ વાર, ભવીજનો
બલીહારી ગુરૂદેવની જગમાં, ધન્ય ધન્ય મુનિ અવતાર ,, ૮

રાજનગરમાં સૂરિ બીરાજે, **નીતિવિજય** ગુરૂરાય, ભવીજનો૦
તસપદપદ્મ નિત્ય સેવનથી, શિષ્ય **ઉદય** ગુણગાય, ભવીજનો૦૯

॥ ગહુંલી ૯ ॥

(ઇડર આંબા આંબલી રે) એ રાગ.

કીધા કર્મથી છુટવારે, જીનવાણી ધરો સાર
ગુરૂજી આગળ પ્રેમથીરે, સુણીયે હર્ષ અપાર
ભવીકજન ! નિર્મળ કરજો ચિત્ત ૧

નવા કર્મ ન બાંધવા રે સુણો થઇ સાવધાન
જ્ઞાનાવરણ હઠાવવા રે આગમનું કરો ધ્યાન ભવીકજન૦ ૨

તીરોભાવમાં જે રહ્યા રે આપણા ગુણ અપાર
આવિર્ભાવમાં લાવીયે રે વાણી પ્રબલ આધાર, ભવીકજન૦ ૩

દેખો અચંબો સુત્રમાં રે કહે છે વીર ભગવાન
જ્યારે કર્મ ઘણા ખસે રે ત્યારે સુણે દઇ કાન ભવીકજન૦ ૪

સમકીત ગુણ પ્રગટાવવા રે સુત્ર સુણો બહુ માન
અનાદિ કાળની ગ્રંથીને રે તોડો થઇ સાવધાન ભવીકજન૦ ૫

એકવીશગુણ સુણી કરી રે ધરો શ્રાવક સુવિવેક,
ભાવ શ્રાવકપણુ ભજી રે રાખો ધર્મની ટેક, ભવીકજન૦ ૬

નિત્ય વંદન ગુરૂ દેવનું રે સામાયક પચ્ચખાણ
પૂજા પૌષધ ધર્મ કરો રે આગમના થઈ જાણ ભવીકજન૦ ૭

નીતિવિજયસૂરિદેશનારે સુણોવિનય ભલી રીતિ
મુક્તિ **ઉદય**થી પામીયેરે કાઢે કર્મની ભીતિ ભવીકજન૦ ૮

॥ ગહુંલી ૧૦ ॥

(ભેખરે ઉતારો રાજા ભરથરી)

તરણ તારણ ગુરૂ માહરા કીધો મમ ઉપકારજી,
પ્રતિહાર આડા ખસેડીને ખોલ્યા ધર્મનાદ્વારજી
બલીહારી ગુરૂ દેવની ૧

અમે અજ્ઞાન અંધારામાં પડીરહ્યા કાલઅનંતજી
દુખ દરિયામાંથી કાઢવા ક્યારે મળીયા ન સંતજી બલી૦ ૨

કરૂણા નજર મુજપર કરી કાઢયું મોહ તિમિરજી
જ્ઞાનાવરણ હઠાવીને સુણાવી પ્રભુ ગીરજી બલીહારી૦ ૩

નાવ ધર્મની પકડાવીને તાર્યાં ભવમાંથી આજજી
નિસ્પૃહિ નિર્દંભી આપછો તરણ તારણમાં જહાજજી બલી૦૪

કોઇ પણ રીતે ન આપનો બદલો વાળી શકાયજી
તોપણ શીર પર આપની આણા ધરૂં નિરમાયજી બલીહારી ૫

નિરંતર સાચા માર્ગમાં દઇશ હું તનમનધનજી
છોડીશ નહિ જીનધર્મને કહુ છું સત્ય વચનજી બલીહારી ૬

ઘણા મળ્યા મળશે ઘણા પણ સ્વારથી સહુહોયજી
પર ઉપકારી મુનિવરો આપ સરખા ન કોયજી. બલિહારી ૭

શુદ્ધ ધરમ દેખાડવા વીરલા કોઇક હોયજી
જગમાં આજ મે દેખીયા સાધુવિના નહિ કોયજી. બલીહારી ૮

જાવજીવ લગે મેં કર્યાં ગુરૂ **નીતિસૂરિંદજી**,
ઉદયથયો મારા જીવનો જાગ્યો પુનમચંદજી. બલિહારી૦ ૯

॥ ગહુંલી ૧૧ ॥

(આવો સખી સિધ્ધાચળ જઇયે) એ રાગ

ચાલો સખી ગુરૂ વંદન જાયે, વંદનથી પાવન થઇયે—ચાલો૦ ૧

ગુરૂજીની દેશના છે સારી, લાગે છે સહુને પ્યારી
સુણવા આવે છે નરનારી ચાલો૦ ૧
વાકયની રચના છે સુખકારી, કલ્યાણ મંગળ કરનારી
દુર્મતિ દુખને હરનારી ચાલો૦ ૨
એકવાર પ્રભુની વાણી, સાંભળે શુદ્ધ અંતર આણી
કર્મ પીલે જેમ જયું ઘાણી ચાલો૦ ૩
તો ઘણી વખતનું જે કહેવું, તે આમ્ર આગળ તોરણ જેવું
તો સજ્જન થઇ સમજી લેવું ચાલો૦ ૪
સુણીને સાર ઘણો લહીયે, પ્રભુની આણા શીરે વહીયે,
ભાવ ઉદાસીનમાં રહીયે, ચાલો૦ ૫
વિનય વિવેકને આદરીયે, શિક્ષાચારને મન ધરીયે
કુમતિ કદાગ્રહને હરીયે, ચાલો૦ ૬
સદ્ગુરૂથી બોધ થાય ઘણો, મહીપતી મોહનો મ્હેલ ખણો
જ્ઞાન ખડગે રાગદ્વેષ હણો ચાલો૦ ૭
પ્રરૂપણા ગુરૂ શુદ્ધ કરે, શંસય લોકોનો છેદ કરે
સંયમ માર્ગમાં સુખેચરે ચાલો૦ ૮
અવસર મળીયો છે આજે, નીતિવિજયસૂરિ બિરાજે
ઉદયથી લીયો શીવરાજ ચાલો૦ ૯
વંદનથી પાવન થઇયે— ચાલો૦

॥ ગહુંલી ૧૨ ॥

(ઓધવજી સદેશો કહેજો શ્યામને) એ રાગ

ગુરૂની વાણી મીઠી સાકર સેલડી
ચાલો સખી કરીયે વચનામૃતનું પાનજો
નિંદા વિકથા આળસ સર્વે પરીહરી
શ્રવણ કરીયે એક ચિત્તે સાવધાનજો ગુરૂની૦ ૧

મોહ મદીરા છંડો સર્વે દુરથી
વિવેક દીપક રાખો નિત્ય હજુરજો
કુમતિ દુતિ કામણગારી છોડીને
સુમતી સાથે સુખ કરો ભરપુરજો ગુરૂની૦ ૨

કૂડ કપટને પ્રપંચ કાઢો મૂળથી
વિશ્વાસઘાતી કદી ન થઇએ આપજો
અળગા કરીયે ચંડાળ જેવા કર્મને
તેનું કીધું સિદ્ધાંતે મહા પાપજો ગુરૂની૦ ૩

દુખ ન દેવું મનથી પણ કોઇ જીવને
સુયગડાંગે કીધું છે ફરમાનજો
આત્મા જેવા પર પ્રાણોને જાણીયે
દયા ધરમ છે મોટો જગમાં માન્યજો ગુરૂની૦ ૪

પ્રાણ જતાં પણ જૂઠ ન બોલો મુખથી
જૂઠાણાથી ગયો નરકે વસુનૃપજો
નીચ ઘરે જળ આણ્યુ સત્યને કારણે
એહવો પુરૂષ થયો હરિશ્ચંદ્ર ભૂપજો ગુરૂની૦ ૫

આભવ પરભવ દુખ ઘણુ છે ચોરીમાં
ચોરી કરતાં પરના લીધા પ્રાણજો
ચોરી તજીને દેવ થયો રોહીણીયો
વ્યસન તજીયે મોટી પાપની ખાણજો ગુરૂની૦ ૬

શીયલવ્રત મોટું છે જગમાં જાણીયે
ભરી સભામાં સતી સુભદ્રા નારજો
કાચે તાતણે કાઢી ચાલણી કુંપથી
જળ છાંટીને ખોલ્યા નગરી દ્વારજો ગુરૂની૦ ૭

પરિગ્રહનું પરિણામ કરો ગુરૂજી થકી
પરિગ્રહથી ગયો નરકે મમણ શેઠજો
નંદરાજા થયો નવમો જળમાંહે ગયો

દોષ એવો તે લાવે તજીયે ઠેઠજો ગુરૂની૦ ૮
વિષય કષાયો મદિરા સરિખા જાણીયે
કટુક વચનને ગણીયે મુખમાં ઝેરજો
પરના અવગુણ સુણવા તે મહા પાપ છે
ઇર્ષા દોષ તે ગણુવો કાળો કેરજો ગુરૂની૦ ૯
જાગૃત થઇને જ્ઞાન ખડગ હસ્તે કરી
અનાદિ કાળની કાપો મોહની જાળજો
નીતિવિજયસૂરિના ઉપદેશે કરી
થાય **ઉદય**ને ઘેરઘેર મંગળ માળજો ગુરૂની૦ ૧૦

॥ ગહુંલી ૧૩ ॥

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને) એ રાગ

ગુરૂવાણી ગુણ ખાણી સુખની વેલડી
શ્રદ્ધા રાખી સુણીયે થઇ ઉજમાળજો
શ્રવણ કરીને સાર ગ્રહો સિદ્ધાંતનો
સદ્ગુરૂ વાકયે પામો મંગળ માળજો, ગુરૂવાણી ૧

રાજનગરમાં ચોર હતો રોહણીયો
ચોરી કરતો નિરંતર પુર માંયજો,
મરતાં પહેલા વીરવચનને પામીયો
દેવ થયો એ વાણીનો મહીમાયજો, ગુરૂવાણી ૨

કેવલજ્ઞાની આગળ જીવ થયા ઘણા
તે પણ સુણજો વાણીના પરતાપજો
વાણીનો આધાર છે પંચમકાળમાં
વાણી ઓસડથી જાય કષાયનો તાપજો, ગુરૂવાણી ૩

નરભવ પામી પ્રભુની વાણી ન સાંભળી
તેહ મનુષ્યનો એળે ગયો અવતારજો

શાસ્ત્રે તેનું જીવન પશુ સરખું કહ્યું
ગુરૂ છાયામાં રહી સુધરો નરનારજો, ગુરૂવાણી ૪
બોળ અથાણું વાશી બોળોને રીંગણાં
કંદ મુળ વળી ટાઢું ખાવું વારજો
બુદ્ધિ ભ્રષ્ટ થાય વળી ભણનારની
ભક્ષણ કરતાં દયા ન રહે લગારજો, ગુરૂવાણી ૫
જતના રાખો પાણી ગળીને વાપરો
પુંજ્યાવિણ નવિ કાર્ય કરવું લગારજો
ચંદરવા દશ સ્થાન દયાથી બાંધવા
સવા વસાની દયા પાળો નરનારજો, ગુરૂવાણી ૬
કાચુ દુધને છાશ દહીં વીદળ ભળ્યું
અભક્ષ્ય જાણી જમવું દુર નિવારજો
ભક્ષ્યાભક્ષ્યનું ભાન કરો વિવેકથી
રોગી ન થાય દેહ જરા તલભારજો, ગુરૂવાણી ૭
દારૂ માંસ મદીરા માંખણ ત્યાગીને
દેશવટો દીયો સાત વ્યસનને દુરજો
લોક વિરૂદ્ધનાં કાર્યો સઘળા છોડવા
સત્સંગતીથી સુખ પામો ભરપૂરજો, ગુરૂવાણી ૮
સાંકળ જ્ઞાનની ધ્યાન ખીલાને જોડીને
મન મર્કટને બાંધો થઇ શુરવીરજો
નિતિવિજયજીસુરિની વાણી સાંભળો
ઉદય કરવા થાઓ તમે વડવીરજો, ગુરૂવાણી ૯

॥ ગહુંલી ૧૪ ॥

(મોહ્યા મોહ્યારે જગતના લોક ગુરૂજીને બોલડીએ) એ રાગ.

સંયમગુણથી શોભતાં રે ચરણકરણ ગુણધાર રે
સંતોષધર સુખમાં રહે રે ગુણગણના ધરનાર- મુનિવર વંદો રે

વ દોવંદોરે વીરના પુત્ર, મુનિવરવંદો રે ૧
જીવની જડતા દુર કરે રે જ્ઞાનતણા દાતાર રે
વિવેક લોચન વળી દીયે રે દુખના ટાલનહાર મુનિવર વંદો રે ૨
જાગર દશામાં નિત્ય રહે રે ઉજાગરમાં મન રે
બાધકભાવને ટાળતાં રે મુનીવરને ધન્ય ધન્ય, મુનિવરવંદો રે ૩
સારણુ વારણુ ચોયણા રે પડીચોયણાને ધારે રે
સંયમ ચોગે સ્થિર કરે રે, પડતાં જીવને વારે મુનિવરવંદો રે ૪
ભણે ભણાવે સુત્રને રે અર્થનો કહિ વિસ્તાર રે
રૂચી કરાવે તત્ત્વમાં રે શીવ સુખના દેનાર મુનિવરવંદો રે ૫
આત્મગુણમાં નિત્ય રમે રે શુદ્ધ ઉપયોગને સાંધી રે
સાધ્યબિંદુ છે શીવનું રે ટાળી સર્વ ઉપાધિ મુનિવરવંદો રે ૬
શુદ્ધ ઉપદેશે જીવને રે ભવથી કાઢે જેહ રે
નિર્યામકપણું ખરૂં રે વંદો ધરી સસનેહ મુનિવરવંદો રે ૭
એહવા ગુરૂજી આગળે રે ગહુંલી કરો સુરસાલ રે
લુંછણા લહુ ભાવે લળી રે પાય પડું સોવાર મુનિવરવંદો રે ૮
મુનિવરના ગુણ ગાવતાં રે ઘર સંપતની કોડ રે
નિતિવિજય સુરિંદનો રે **ઉદય** નમે કરજોડ. મુનિવરવંદો રે ૯
વંદોવંદો રે—

॥ ગહુલી ૧૫ ॥

(સજની મોરી પાસજીણેસર પુજોરે) એ રાગ

ગુરૂમારા રાજનગરમાં આવેરે, સંઘમળી બહુ માનથી પધરાવેરે
ગુરૂમારા દેશનાઆપે મધુરીરે, ગુરૂમારા કાઢે કર્મને ચુરીરે ૧
" પંચ મહાવ્રત ધોરીરે " સૂત્રતણી લીધી દોરીરે
" નિશ્ચય વ્યવહાર ચક્રહાંકેરે, " સન્મુખ સાધ્યને તાકેરે ૨

" ઉપશમ રસના દરિયારે " વૈરાગ્યગુણે કરી ભરીયારે
" આતમ ગુણમાં ઝીલેરે " કર્મ કઠીનને પીલે રે, ૩

" ષટકાયના પ્રતિપાળ રે " જ્ઞાનધ્યાનમાં કાઢે કાળરે
" સ્વપર શાસ્ત્રના જાણરે " જગાડે જ્ઞાનનો ભાણરે ૪

" ચાર કષાય કર્યા ચુરારે " પરિસહ સહનમાં શુરારે
" પાપના હેતુથી વારેરે " ધર્મ નાવ દઇ તારેરે ૫

" મોક્ષમાર્ગ લીધો સીદ્ધોરે " સીદ્ધાંત અમતરસ પીધોરે
" સંયમશ્રેણીમાં ચડીયારે " પુન્યના બંધાવે પડીયારે ૬

" બોધ આપી કરે ઉપકારરે " દુખથી ઉતારે પારરે
" **નિતિવિજય** સુરી રાયરે " શિષ્ય**ઉદય** નમે પાયરે ૭

॥ ગહુંલી ૧૬ ॥

(સખી સાવીત્રીવ્રત આજે પુરણ કરીયે રે) એ રાગ

સખી પડવેને દીન પાપને પરિહરીયે રે
વળી જીવદયાનું વ્રત સંયમ ધરીયે રે
બીજને દીન બે ભેદ ધર્મના જાણો રે
સાધુ શ્રાવકના ભેદ દોય વખાણો રે ૧

ત્રીજે ત્રણ પ્રકાર શલ્યને હરીયે રે
માયા નીયાણ મિથ્યાત શલ્ય વિખરીયે રે
ચોથે ચાર કષાય વિકથા છંડોરે
દાન શીયળ અને તપ ભાવમાં રઢમંડો રે ૨

પાંચમને દીન પાંચ સુમતિ પાળો રે
લઇ પંચમહાવ્રત પાંચ કીરીયા ટાળો રે
છઠે ષટવિધજીવ રક્ષા કરીયે રે
ષટલેશ્યાના ત્રણ ભેદ પાછલા ધરીયે રે ૩

સાતમને દીન સાત ભય નિવારો રે
તજો ચોરીના સાત ભેદ સુત્રે ધારોરે
આઠમને દીન આઠ મદને તજીયે રે
આઠ કર્મનો કરીયે નાશ અષ્ટમી ભજીયે રે ૪
નવમે દીન નવવાડ શીયળની પાળો રે
કરી આત્મા ઉજ્વલનિત્ય વ્રત અજુઆળો રે
દશમે સાધુ ધર્મ દશવિધ કહીયે રે
પાળીને ભવનો પાર શીઘ્ર ઉતરીયે રે ૫
એકાદશી અગ્યાર પડીમા વહીયે રે
એકાદશ અંગનું જ્ઞાન, કરી સુખ લહીયે રે
બારસે દ્વાદશ ભેદ તપના કરીયે રે
બાહ્ય ને અભ્યંતર ભેદ ષટ ષટ ધરીયે રે ૬
તેરસે કાઠીયા તેર દુર નસાડો રે
કરી મોહ તિમિરને દુર દુર્મતિ કાઢો રે,
ભીંતર ગ્રંથી ચૌદ ચૌદસ છોડો રે
તીથી વડી કહી ભગવાન કર્મને તોડો રે ૭
ચૌદ પુરવનો સાર નવકાર ગણીયે રે
સાગરોપમ પંચશત માન કર્મને હણીયે રે
પુનમે પંદર ભેદ સિદ્ધના જાણો રે
કરીયે શીવનો ઉપાય હૃદયમાં આણોરે ૮
મેળવવા ત્રણ રત્ત ઉદ્યમ કરીયે રે
ગુરૂ આપે સદ્ ઉપદેશ ભવમાં ન ફરીયે રે
નીતિવિજયસૂરિ પાય પ્રણમો ભાવે રે
તો શીવનગરોનુ રાજ **ઉદય** થી પાવે રે, ૯

॥ ગહુલી ૧૭ ॥

(સિધ્ધાચળ શિખરે દીવો છે) એ રાગ,

અમને સદ્ગુરૂજી મળીયા રે ગુરૂવાણીની બલીહારી
મારા ભવના ફેરા ટળીયા રે ,,
મારૂ મિથ્યાત્વ ભુતડુ કાઢ્યુ રે ,
નાશી ગયું મોહનું ખાડું રે ,, ૧
કુમતિને કરી ઝટ સીધી રે ,,
સમકીત સુખડી મેં લીધી રે ,,
મને શીવનો સાથ મળીયો રે ,,
ભય જન્મ મરણનો ટળીયો રે ,, ૨
ભવ ભમનાં આ ભવ ફળીયો રે ,,
સુરતરૂ સમ ધર્મ મળીયો રે ,,
તરૂ સીંચીશ ઉપશમ જળથી રે, ,,
શુદ્ધ કરીશ કષાયના મળથી રે ,, ૩
મારી નિંદ દશા હવે ભાગી રે ,,
વળી સુપન દશા તે જાગી રે ,,
ગયા કાઠીયા તેર તે નાશી રે ,,
સાથે ગઈ સુબોધની માસી રે ,, ૪
પહેલી ચાર દ્રષ્ટી નસાવી રે ,,
શુદ્ધ પાછલી ચારને લાવી રે ,,
મને ત્રણ કરણમાં નાંખી રે ,,
છેલ્લા કરણે ગાંઠ ભાંગી રે ,, ૫
હતી મોહની સ્થિતિ મોટી રે ,,
તેથી રહ્યું એક કોટા કોટી રે ,,
એટલી સ્થિતિ, કરી જીવે રે ,,
શ્રદ્ધા અમૃત જળ પીવે રે ,, ૬
શીવપુરનો સ્વાદ ચખાવે રે ,,
મેં ગ્રહણ કર્યો શુદ્ધ ભાવે રે ,,
શમ સંવેગાદિક, આવ્યા રે ,,
મોહના ચઉ ભેદ ખપાવ્યા રે ,, ૭

મારી સુમતિ ગુરૂથી જાગી રે ,,
ભવભવની ભાવઠ ભાંગી રે ,,
મારા વિવેક લોચન ખોલ્યા રે ,,
તમે ભવિક છો એમ બોલ્યા રે ,, ૮
એ ગુરૂવાણી સુપસાય રે ,,
મારો સફળ મનુષ્યભવ થાય રે ,,
સુરિ **નિતિયે ઉદય** કીધો રે ,,
મેં શીવપુર મારગ લીધો રે ,, ૯

॥ ગહુંલી ૧૮ ॥

રાજનગરમાં ચોમાસું પધારતાં સુરી મહારાજ તથા તેમનો પરિવાર

(સજની મોરી પાસજીણેસર પુજોરે) એ રાગ

સુરિશ્વર **નિતિવિજય** ગુરૂરાય રે
સાથે લાવ્યા શીષ્ય સહિત સમુદાય રે
સંઘ મળી રાજનગરમાં લાવે રે
બહુ માને ઉપાશ્રયે પધરાવે રે. ૧
પં—લઘુ ભ્રાતા **દયા** છે દયાના દરીયા રે
થિવિરમુનિ **ગંભીર** ગુણે કરી ભરીયા રે
પં—**દાનવિજય** સુરિ શિષ્યમા વડેરા રે
જેના મુખે શાન્તિના વચનો ઘણેરા રે. ૨
પં—**હર્ષ**વિજય હર્ષથી વીરતી વરીયા રે
આગમધારી જ્ઞાનગુણે કરી ભરીયા રે
મુક્તિવિજય તપ કરે મુક્તિને મળવા રે
ઉદ્યમ જેનો જ્ઞાનાવરણને દળવા રે. ૩
રાજવિજય રાજતણીપેરે શોભે રે
શુરવીર થઇને શત્રુનું બળ થોભે રે
ઉદયવિજય કરે **ઉદય** નિજ પરનો રે
ભણે ભણાવે માર્ગ દે તીર્થંકરનો રે. ૪

સંપતવિજય સુરિ સેવામાંહે રસીયા રે
ગુરૂ મનમાં નિત્ય રહે છે વસીયા રે.
ગુણવિજય ગુણ ગણ કરવામાં મચીયારે
ભવસાગરમાં પાપના હેતુથી બચીયા રે ૫
કમળ વિજય, ક્રિયાકલાપમાં પુરા રે
સમિતિ ગુપ્તિ, સાચવવામાં શુરા રે
જેને જોડી, ભણવામાં મનવચકાય રે ૬
હવે કહુ છું, પ્રશિષ્યનો સમુદાય રે
શિષ્યરત્ન દયાવિજયે **રવી** કીધો રે
ભક્તિભાવે ગુરૂનું મન હરી લીધો રે
દાન પાટે એ શીષ્યો ત્યાગથી આવ્યા રે
ભણીગણી વેયાવચ્ચાદિ ગુણો લાવ્યા રે. ૭
તિલકવિજય તપ કરી કર્મને તોડે રે
લઘુભ્રાતા **કેશરવિજય** છે જોડે રે
હર્ષ પાટે ગુણિયલ ચાર શિષ્ય થાય રે
વડા શિષ્ય **માનવિજય** મુનિરાય રે. ૮
લઘુ ભ્રાતા **કલ્યાણ** પોતાનું કર્ત્તા રે
મંગળ સુમતિ બોધ દેવા દેશ ફરતા રે
રાજપાટે **રમણીક** કચ્છ દેશ વાશીરે
ઉદયપાટે એક શીષ્ય ગુણરાશી રે. ૯
મનોહર મુનિ ભક્તિમાંહે બળીયા રે
તીલકપાટે વિનયરત્ન **હીર** મળીયા રે
ઉપર કીધો સુરીશ્વર સમુદાય રે
નિત્યાનંદે જ્ઞાનધ્યાનમાં કાળ જાય રે. ૧૦
ધર્મ સુણવા લોક ઘણા નિત્ય આવેરે
ગુરૂવાણી સુણી આનંદ બહુ પાવે રે
સુરિશ્વર **નિતિવિજય** સુપસાય રે
સહુ સંઘમાં નિત્ય **ઉદય** વરતાય રે. ૧૧

ગુરૂમહારાજને ચોમાસાની વીનંતી.

॥ ગહુલી ૧૯ ॥

(રઘુપતી રામ હૃદયમાં રહેજો રે) એ રાગ.

રહો ગુરૂ રાજનગરમાં ચોમાસુરે
ક્ષમા નીધિ ! ગુણ તમારા ગાશ્યુ—રહો ગુરૂરાજ

તુમે રાગથી નહિ રંગાયારે તપ તેજે કંચન સમ કાયારે
તુમે છોડયાછે મદ મોહ માયા. રહો ૧

ષટ કાયતણા પ્રતિપાલરે ગોચરી દોષ ટાળે ખીયાલરે
જ્ઞાન ધ્યાનમાં કાઢે કાળ રહો ૨

સર્વ છોડી સંયમ રત્ન લાધ્યુંરે જ્ઞાન દોરીથી મન કપી બાંધ્યુરે
નિજ આતમ કારજ સાધ્યુ રહો ૩

ગુરૂ જ્ઞાન ક્રિયામાં પુરારે પાપ પંકને ધોવામાં શુરારે
કર્યા ચાર કષાયના ચુરા રહો ૪

તુમ રહયે નગર શોભા વધશેરે બહુ ઉત્તમ જીવ નીકળશેરે
ઘણા નિયમ અભિગ્રહ લેશે રહો ૫

સહુ સંઘમાં હર્ષ ન માયરે માર હૃદય ઘણું ઉભરાયરે
ઘેરઘેર મંગળ વરતાય હો ૬

અમ ઉપર કરો મહેરબાની રે સ્વીકારો અરજ અમ માનીરે
તુમે છોડીછે દુનીયા દીવાની રહો ૭

પાય લાગુ લળી લળી તુમનેરે વાણીસુણવા હરખ ઘણો અમનેરે
લાભ થાશે ઘણો ભવીજનને રહો ૮

ઘણું ઘણું કહું તમને શું જ્ઞાનીરે જય બોલાવો સંઘનું માનીરે
હવે વાર લગાડોછો શાની ! રહો ૯

સૂરિનિતિવિજય સુપસાયરે સહુ સંઘમાં આનંદ થાય રે
તસ શિષ્ય ઉદય ગુણગાય રહો ૧૦

॥ ગહુલી ૨૦ ॥

(ભવીતુમે વંદો રે સુરિશ્વર ગચ્છરાયા) એ રાગ.

સહીયર સુણીયે રે જીવાભિગમની વાણી
પાતક હણીયે રે મેળવીરે ગુણ ખાણી

જીન આગમમાં જીવાજીવના, ભેદ કહ્યા વિસ્તાર
અર્થથી અરિહંતજીયે પ્રકાશ્યા, સુત્ર રચે ગણધાર, સહીયર ૧

શરીશહિક જે ચોવીશ દ્વારો, ભાંખ્યા દંડકે જેહ
તેહ દ્વારો દરેક જીવ ભેદે, ઉતાર્યા ધરી નેહ, સહીયર ૨

પૃથ્વી અપ તેઉ વાઉ અસંખા, વળી વિગલેંદ્રી અસંખ
અસંખ્યાત નર નારક દેવા, અસંખ્યાત તિર્યંચ સહીયર ૩

દ્વીપ સાગર એક રાજે અસંખા, અસંખ રવી ને ચંદ્ર
અસંખ્યાત સર્વ જીવના દેહો, સાંભળો છોડી તંદ્રા, સહીયર ૪

ગોળા અસંખ નિગોદના લોકે, ગોળે અસંખ નિગોદ
એક નિગોદે જીવ અનંતા, સુણોધરી ચિત્તે પ્રમોદ, સહીયર ૫

એક જીવે પ્રદેશ અસંખા, તેમ દરેકના જાણો
પ્રતિ પ્રદેશે કર્મ વર્ગણા, અનંતાનંત પ્રમાણો, સહીયર ૬

એમ સંસારી જીવના ભેદો, જીવાભિગમે ભાંખે
મનનપૂર્વક જ્ઞાન કરે તો, શીવ તરૂનાં ફળ ચાખે સહીયર ૭

વિજયદેવે જીનપ્રતિમા પૂજી, જંબુ દ્વીપના દ્વારે,
સાક્ષી છે જીવાભિગમની, વિજય દેવ અધિકારે, સહીયર ૮

આઠમો દ્વીપ નંદીસર તેમાં, બાવન ચૈત્ય સોહાવે
ચોસઠસેં અડતાળીશ બીંબો, શાશ્વતા પ્રણમો ભાવે સહીયર ૯

તુંગીયા નગરીશ્રાદ્ધ વખાણ્યા, ભગવતી અંગ મોઝાર
જીવાજીવ અભ્યાસથી પામ્યા, શ્રોતા ચિત્ત ઉદાર સહીયર ૧૦

ઇત્યાદિ પ્રતિપ્રત્તિ નવનું, જ્ઞાન કરો ઉદાર
વિનય કરી ગુરૂ મુખથી ધારો, સફળ કરો અવતાર સહીયર ૧૧

આતમ નિર્મલ કરવા કાજે, સુણો આગમ અધિકાર
સૂરિનીતિના ચરણ સેવનથી, **ઉદય** કરો સુખકાર. સહીયર ૧૨

॥ ગહુંલી ૨૧ ॥

(જીવજીવન મહારાજ અબોલા શાને લ્યોછો) એ રાગ.

ચાલો સખી ગુરૂવંદન જઇયે વંદીને પાવન થઇએ
ગુરૂજી જગ ઉપગારી
ઉત્તરાધ્યયનની વાણી સાંભળીયે, કર્મ વર્ગણા દહીયે, ગુરૂજી ૧
વિનય અધ્યયન સખી પહેલું આદરીયે, જીનઆણા શીર વહીયે ,,
ચંદ્રરોદ્રસૂરિ શિષ્યની પેઠે, વિનયથી કેવળ લહીયે ,, ૨
અવિનય, અક્કડતા, ઉદ્ધતાઇ, દંભાદિ દોષ વરજીયે ,,
કુલ વાલુક મુનિ દ્રષ્ટાંત જાણી, ગુરૂ આશાતના તજીયે ,, ૩
બીજા અધ્યયનમાં પરિસહ બાવીશ, ભાંખે જગતનો ઇશ ,,
અનેક મુનીવરો સહન કરીને, પામ્યા શીવપુર ઇશ ,, ૪
અધ્યયન ત્રીજુ ચતુરંગી નામે, પદાર્થ ચારને જાણો ,,
નરભવ શ્રુતિ સંયમ શ્રદ્ધા, દુર્લભ ચાર વખાણો, ,, ૫
નરભવ દુર્લભ દશ દ્રષ્ટાંતે, જીનવાણી ચિત્ત ધારો ,,
સત્તર પ્રકારે મરણ કહ્યાં છે, બાલ મરણ દુરવારો ,, ૬
ગોવત્સ યુકિત પ્રયુકિત વીચારી, ગૃદ્ધતા દોષ નિવારો ,,
કપિલ કેવલી અધ્યયન સુણી, લોભ કષાયને મારો ,, ૭
કરકંડુ દ્વિમુખ નમિ નગ્ગતિ, પ્રત્યેક બુધ વિચારો ,,
મરણ આવિચી ક્ષણ ક્ષણ થાય, જાણીને ચિત્ત સુધારો ,, ૮
ચિત્ર સંભૂતિના ઉદાહરણથી, નિયાણા નવ નિવારો ,,
કુંડરીક પુંડરીક અધ્યયન સુણી, મન મર્કટને મારો ,, ૯
મંત્ર જંત્રમાં પૂરા પાખંડી, પાપશ્રમણ દુરવારો ,,
બ્રહ્મચર્ય વૃક્ષના રક્ષણ માટે, વાડ શીયળની ધારો ,, ૧૦

ઈત્યાદિ ઘણી વાતો કહી છે, અંતિમ વખતે વીરે ,,
તેના અધ્યયન છત્રીસ ગુંથ્યા, સાંભળીયે ધરીધીર ,, ૧૧

ગુરૂ જ્ઞાની ગુરૂ દીપક કહીયે, ગુરૂવિણુ કોણ બતાવે ,,
સૂરિનિતિના પાદ પસાયે, ઉદય મહોદય પાવે ,, ૧૨

॥ ગહુંલી ૨૨ ॥

(સીદ્ધગીરી ધ્યાવોભવિકા સીદ્ધગીરીધ્યાવો) એ દેશી.

શાંત દાંત મુનિ ત્યાગી વૈરાગી સીદ્ધી મેળવવા એની લાગીછે લગની
પ્હેની ગુરૂજી પધાર્યા.
ચરણુ કરણુવ્રત વહનના ધોરી લીધીછે સુત્રની હાથમાં દોરી
બ્હેની ગુરૂજી પધાર્યા. ૧

ભવ્ય જીવોને શુદ્ધ માર્ગ બતાવે સ્હાય કરી શીવપુર લઈ જાવે ,,
ભવસાગરમાં પડતા બચાવે નિર્યામક થઇ સુખે તરાવે, ,, ૨

અનાદિકાળનું તિમિર હઠાવે પ્રકાશમાં ભવ્ય જીવોને લાવે ,,
હેય જ્ઞેય ઉપાદેય દેખાડે જીનવાણીનો સ્વાદ ચખાડે, ,, ૩

સાર્થવાહ ભવ અટવીમાં થાવે દુર્ગુણો વ્યસનના દુર કરાવે ,,
મોહ સુભટની ફોજ હરાવે વિવેક લોચન ખુલ્લાં કરાવે, ,, ૪

પૂરવ પુન્યનો જોગ જો થાવે તો સદ્‌ગુરૂનાં દર્શન પાવે ,,
એહવા ગુરૂજીનું શરણું લહીયે શીરપર તેહની આણાને વહીયે ,, ૫

નરભવ પામીને ધર્મ ન ધાર્યો એળે ગયો તેનો આખો જન્મારો ,,
ભાગ્ય ઉદયથી ગુરૂ જોગ મળીયો ધર્મ કલ્પવૃક્ષ આંગણે ફળીયો ,, ૬

અકાળે મેઘની વૃષ્ટી થઇ આજ આવ્યા અનાયાસે સદ્‌ગુરૂરાજ ,,
એવા ગુરૂજીની આગળ ગહુંલી કરીયે હર્ષથી ચિત્ત પ્રફુલી ,, ૭

સદ્‌ગુરૂ આગળ લુંછણા કરીયે ભવસાગરમાં ફેરા ન ફરીએ ,,
સૂરિનિતિના ચરણપસાય ઘેર ઘેર મંગળ ઉદય થાય ,, ૮

॥ ગુરૂમહારાજ આગમનની ગહુંલી ૨૩ ॥

(ભલું થયું રે મારે સુગુરૂ પધાર્યા જીનઆગમના દરીયાજી) એ રાગ.

રાજનગરમાં સુગુરૂ પધાર્યા સંયમ ગુણના દરીયાજી
શાન્ત દાન્તને ત્યાગી વૈરાગી સંતોષ ગુણથી ભરીયાજી . ભલુ ૧

નવવિધ બ્રહ્મચર્ય ગુપ્તી પાળે ટાળે વિષય કષાય રે
રાતદીવસ મળી ૐકારપદનું ધ્યાન ધરે મુનિરાય રે ભલુ ૨

સાધુ ક્રિયામાં શુદ્ધ ઉપયોગી સમાચારી દશવિધ પાળે રે
દ્વાદશ ભેદે તપમાં શુરા જુના કર્મને ક્ષાળે રે, ભલુ ૩

સંસાર ત્યાગી થયા નિરાગી શીવરમણીના રાગી રે
રમણુતા નિજ આતમગુણની વિભાગદશાના ત્યાગી રે ભલુ ૪

સુત્ર સિદ્ધાંત કર્યા મુખ પાઠે સ્વપર સમયના જાણ રે
શુદ્ધ ઉપદેશે ભવ્ય જીવોને કરે મારગના જાણ રે, ભલુ ૫

તિમિર અજ્ઞાનનુ દુરનિવારી જ્ઞાનદીપક દાતાર રે
ધર્મની નાવના નિર્યામકથઈ ઉતારે ભવપાર રે ભલુ ૬

નિખાલસપણે પર ઉપગારી સ્વાધ્યાય કરે પંચભેદે રે
ધર્મ કથા કરે ચાર પ્રકારે ગાનાવરણને છેદે રે ભલુ ૭

વાણી સુણાવે જીન આગમની તત્વમાંહે મનજોડ રે
શુદ્ધ ધરમના માર્ગે ચડાવી મોહના બંધન છોડે રે ભલુ ૮

સર્વ જગતની ખટપટ છાંડી છોડી આળપંપાળ રે
ગામ અમારૂં પાવન કરીયું ઘરઘર મંગળ માળ રે ભલુ ૯

ધન્ય દીવસ ઘડી ધન્યછે આજે લોક મળી ગુણ ગાવે રે
નિતિવિજયસુરિ પાદ પસાયે શિષ્ય ઉદય સુખપાવેરે ભલુ ૧૦

પર્યુપણુની ગહુલી ૨૪

(રઘુપતી રામ હૃદયમાં રહેજો રે) એ રાગ.

સુણો મળી ! કલ્પ આગમની વાણી રે

નરનારીનાં મનમાં સોહાણી, સુણો સખી ( )

પર્યુષણ દીન પર્વમાં મોટા રે, સર્વ પર્વ છે એહથી છોટા રે.
જાણો મિથ્યાત પર્વને ખોટા. સુણો ૧

અઠ્ઠાઇઘર પોષધ લીજે રે, ગુરૂવાણી અમૃતરસ પીજે રે
વળી દાન સુપાત્રે દીજે. સુણો ૨

ખંડણ પેષણાદિ વરજીયે રે, વસ્ત્ર ક્ષાલન પર્વમાં તજીયે રે
એક ચિત્તેથી સદ્ગુરૂ ભજીયે રે. સુણો ૩

પ્રાણીયોને અભયદાન આપો રે, રાગદ્વેષની ગ્રંથીને કાપો રે
પુન્ય દાન કરી છોડો પાપો. સુણો ૪

ચોથ છઠ અઠ્ઠમ તપ કરીયે રે, ગુરૂભકિત વિનય આદરીયે
નાગકેતુ પેરે શીવ વરીયે. સુણો ૫

હય ગય રથ શણગારી રીજે રે, રાત્રીજાગરણ ભાવથી કીજે રે
કલ્પસુત્રને ઘેર લાવીજે. સુણો ૬

દેવગુરૂ તણા ગુણ ગાવો રે, પૂજા આંગી રચી ભાવ ભાવો રે
બહુ માનથી સુત્ર વધાવો. સુણો ૭

કલ્પસુત્રને પુરૂ સાંભળીયે રે, મહાપુરૂષ પંથમાં ભળીયે રે
નવા કર્મના બંધથી વળીયે. સુણો ૮

પ્રતિક્રમણ સંવત્સરી કીજે રે, સર્વ જીવોને ખામણા દીજે રે
જેથી સામાના અંતર ભીંજે. સુણો ૯

સાહમીવત્સલમા દીલ લાવો રે, સંઘ ભકિતથી ઘેર પધરાવો રે
લીયો મનુષ્ય જનમનો લ્હાવો. સુણો ૧૦

કલ્પસુત્રનુ માહાત્મ્ય કહેવું રે, તે તો આગ્રે તેરણ જોઈ લેવું રે
તેની રચનાનું શું કહેવું ? સુણો ૧૧

સૂરિ **નિતિવિજય** ગુરૂરાય રે, તસ ચરણકમલ સુપસાય રે,
લઘુ શિષ્ય **ઉદય** ગુણ ગાય. સુણો ૧૨

ગુરૂના વિહાર કરતી વખત વિલાપમાં ગાવાની

॥ ગહુલી ૨૫ ॥

(પંથીડા સંદેશા કહેજો શ્યામને) એ રાગ.

ગુરૂ અમારા વિહાર વિહાર શું કરો ?
કરજોડી કરૂ વિનંતી વારમવારજો
ગુરૂજી ! આપની આગળ વિશેષ શું કહું !
ક્ષમાનિધિ ! આપ કૃપા તણા અવતારજો. ગુરૂ ૧

આશ્રય લીધો આજ દીવસ સુધી આપનો
શરણું લઈશ હું કોનું હવે ગુરૂરાજજો ?
આપ વિના મારી ધર્મની ડાળ તુટી જશે
કેમ કરીશ હું સર્વ ધર્મનાં કાજજો. ગુરૂ ૨

સુત્ર સિદ્ધાંતનો બોધ હવે કોણ આપશે
ભરી સભામાં વાંચશે કોણ વખાણજો
શંશય સર્વે કોણ અમારાં કાપશે
આપછો સમજુ ચતુરપુરૂષ સુજાણજો. ગુરૂ ૩

ક્યાં જઈ કરશું ધર્મક્રિયા સઘળી અમે
માગશું કોની પાસે અમે આદેશ જો
ઈચ્છાકારી ભગવન હવે કોને બોલશું
ઉત્તરમાં કોણ દેશે પ્રમાણ મુનીશજો. ગુરૂ ૪

ધર્મની ગોષ્ટી કરશુ ક્યાં જઇને અમે
સ્થાનક સુનું લાગશે અમને આજજો
ગુરૂજી ! ગુરૂજી ! કોને જઇ અમે બોલશું
પાછુ વાળીને જોવો જરા મહારાજજો. ગુરૂ ૫

આટલા દીવસ સુખસિંધુમાં મ્હાલતા
કેની પાસે કરશું હવે સત્સંગજો
સુવિચારો સદ્વર્તનને કોણ આપશે
લગાવશે કોણ અમોને ધર્મનો રંગજો. ગુરૂ ૬

દાન હમેશાં સત્પાત્રે અમે આપતાં
તેથી અમેતો મેળવતાં મહા લાભજો
તેવું સુપાત્રદાન હવે કયાં આપીશું
ઘેર આવીને કોણ દેશે ધર્મલાભજો. ગુરૂ ૭

અનાદિકાળનું અજ્ઞાન આપે છોડાવીયું
પરોપકારની સીમા ન રાખી લગારજો
એક જીભ્હાથી કહી શકું ગુણ કેમ આપના
આપછો મોટા ગુણ મણીના ભંડારજો. ગુરૂ ૮

કરૂણા નજરથી વિવેક લોચન આપીને
મારા હૃદયનાં ખોલ્યાં આપે દ્વારજો
જ્ઞાનદીપક દઈ મોહ તિમિર હઠાવીયું
તે કેમ ભુલીશ આપનો હું ઉપકારજો ગુરૂ ૯

ભવસાગરમાં પડતાં મારા જીવને
આપે બચાવી ધર્મની દીધી ટેકજો
આટલાકાળમાં તેહવો કોઇ મળ્યો નહિ
તેથી કહુંછું સાચાગુરૂ તમે એકજો. ગુરૂ ૧૦

આપની આજે વિહારની વાત સાંભળી
છુટી કંપારી મારા હૃદયમાં આજજો
અશ્રુની ધારા પ્રવાહ ચાલ્યા આંખથી
અરે ! જરા દયા લાવો ગુરૂમહારાજજો. ગુરૂ ૧૧

મારા વિહારથી લોકનું પાછળ શું થશે
એટલો કેમ ન કીધો આપે વિચારજો
શાંતિ કરીને થોડો વખત રહો ગામમાં
લોકની ઉપર છોડો ઉપદેશ ધારજો. ગુરૂ ૧૨

ભક્તિભાવથી હું બોલુછું આપ આગળે
ખોટું લગાડશો જરા નહિ ગુરૂરાજજો
વિહારની વાત સાંભળી બોલી જવાયછે
દયા લાવીને તે ક્ષમા કરશો મહારાજજો. ગુરૂ ૧૩

ધર્મના પંથે કોણ અમોને ચડાવશે
બોધવિનાના મારા દીવસ કેમ જાયજો
નિતિના નિયમો કોણ અમોને ધરાવશે
મારા ઉદયમાં કરશે કોણ સહાયજો. ગુરૂ ૧૪

॥ ગહુંલી ૨૬ ॥ (વાજાવાગ્યારે પાવાગીયા)

(અમે ઇશ્વર માગીએ એટલું) એ રાગ.

સખી કર્મકલંક ને ટાળવા, લેવા શીવરમણીનું રાજ
સુણો ગુરૂ દેશના
મોહતિમિરને દુર હઠાવવા, શેવો જંગમ તીર્થ ઝહાજ
સુણો ગુરૂ દેશના ૧

સુણીયે બહુમાને સિદ્ધાંતને, કરી નિર્મળ મનવચકાય સુણો૦
રાખો આગમ આરીસો હાથમાં,જેથી સ્વર્ગ અપવર્ગ જણાય " ૨

બંધ આશ્રવ માર્ગને ટાળવા, વળી રોકવા પાપના સ્થાન "
નિત્ય સંવર સ્થાનને આદરી, કરીયે જીવાજીવનું જ્ઞાન " ૩

જુના કર્મને ખેરવા કારણે, ગ્રહો નિર્જરા કુહાડો હાથ "
નિરાબાધથી મુક્તિમાં પોચવા, રાખો સદ્‌ગુરૂનો સંગાથ. " ૪

મનથી પણ હિંસા ન કીજીયે, જેથી કર્મનું થાય ન રૂણ "
ક્રોધ લોભ અને ભય હાંસીથી, મુખથી કદી વદીયે ન વેણ. " ૫

છળ પ્રપંચ કરી ધન પારકુ, નવ લીજીયે ચોરીનું દ્રવ્ય "
પતિવ્રત ધર્મ નિત્ય પાળીયે, કદી થાય નહિ ઉપદ્રવ્ય " ૬

માયા મમતાને મૂર્છા નિવારીયે, વારીયે નિત્ય વિષયથી મન "
પ્રભુવાણી આદર કરી સાંભળે, તેનું મનુષ્યજીવન ધન્ય ધન્ય. " ૭

ઉપકાર મોટો મુનીવર તણો, કરે શીવપુર માર્ગે સહાય "
પડતાં ભવકુપથી જીવને, ઉદ્ધાર કરે ગુરૂરાય. " ૮

નિંદા કલહ કપટ નવિ કીજીયે, નવિ દીજીયે કોઇપર આળ
સુરિનિતિના ચરણ પસાયથી, નિત્ય પામે ઉદય જયમાળ
સુણો ગુરૂ દેશના ૯

હરિશ્ચંદ્ર નૃપની સજ્ઝાય.

દોહરો.

ગુરૂપદ પંકજનમી, સમરી સારદ માય;
સત્યવાદી હરિશ્ચંદ્રની, ઉત્તમ કહું સઝાય.

(પંથીડા સંદેશો કહેજો શ્યામને) એ રાગ.

સત્વ શિરોમણિ હરિશ્ચંદ્ર પૃથ્વીપતિ
નગરી અયોધ્યા જેની સ્વર્ગ સમાનજો
સુર ગુરૂ[1] સમ વસુભૂતિ મંત્રી જેહનો
રાણી સુતારાને કુમાર દેવ સમાનજો. સત્વ ૧

અવસર જાણી સુરપતી[2] એક દીન ઉચ્ચરે
હરિશ્ચંદ્રના ગુણ દેવને કરે જાણજો
પ્રાણ જતાં પણ સત્વ[3]પણું છોડે નહિ
મનુષ્ય છતાં પણ કેટલા કરૂ વખાણજો. સત્વ ૨

સ્વામિ વચને શ્રદ્ધા નહિ એ દેવને
તેણે વિકુર્વ્યાં તાપસો પુરની બાહ્યજો
સુઅર[4] થઇને નાશ કર્યો આરામનો
પોકાર કરતો ગયો તાપસ પુરમાંયજો. સત્વ ૩

સાંભળી નૃપતિ ચાલ્યો તાપસ આશ્રમે
હાથમાં લઇને ખેંચ્યું તાણી તીરજો
ગર્ભણી હરણી ને વચમાં લાગી ગયું
હરણી મરતાં કુલપતી[5] કુટે શીરજો. સત્વ ૪

---

૧ બૃહસ્પતિ. ૨ સૌધર્મેંદ્ર. ૩ ધૈર્ય. ૪ ભુંડ. ૫ તાપસનોગુરૂ.

પશ્ચાત્તાપની સીમા ન રહી રાયને
કુલપતી પાસે નૃપ નમાવી કાયજો
પ્રાયશ્ચિત માટે રાજ્યપાટ દઉં આપને
પાપહત્યાનું લાગેલું મુજ જાયજો, સત્વ૦ ૫

ઉપર લાખ સોનૈયા આપું પુત્રીને
પોષેલી મૃગલી જેણે દિવસને રાતજો
કુલપતી કહે હું રાજા આજથી પુરનો
લાખ સોનૈયા આપો વેચી તુમ જાતજો સત્વ૦ ૬

રાજ્યને તજતાં આડો મન્ત્રી આવીયો
ત્યારે તાપસે કીધો મંત્રી [1]કીરજો
કંપિજલ અંગરક્ષક વચમાં બોલીયો,
તેને પણ કીધો ×જંબુક છાટી નીરજો સત્વ૦ ૭

[2]કસોટી કીધી દેવે રાજ્ય તજાવીયું
તોપણ સત્ત્વમાં અડગ રહ્યો છે ભૂપજો
કાશી નગરીમાં જઈ ચૌટામાં રહી
વેચાણ માટે [3]ત્રેણે ઉભા ચુપજો. સત્વ૦ ૮

વેચાણ લીધી રાણીને એક બ્રાહ્મણે,
કુમારને પણ વેચ્યો બ્રાહ્મણ ઘેરજો
પોતે પણ વેચાણો ભંગીના ઘરે
કર્મ રાજાયે કીધો કાળો કેરજો, સત્વ૦ ૯

જળ વહન કર્યું બારવરસ લગે નીચનું,
નોકર થઈને વર્ત્યો ચંડાળ ઘેરજો,
દુખ સહન કરવામાં રાખી મણા નહી
તોપણ કર્મે તે પર કીધી ન મ્હેરજો, સત્વ ૧૦

રાક્ષસીરૂપ કરાવી કીધી વિટંબના,
તારામતિને ભરી સભાની માંયજો,

---

૧ પોપટ ૨ પરિક્ષા ૩ રાજા-રાણી-કુમાર ૪ જુદો કરવો. × શિયાળ

નાગ ડસાવી મરણ કર્યો રોહિતાશ્વને,
[4]વિખુટો કર્યો તારામતિથી રાયજો સત્વ ૧૧
૧મૃતક અંબર લેવા ×પ્રેતવને ગયો,
ચંડાળના કેવાથી નોકર ૨રાયજો,
આવી સુતારા કુમાર મૃતકને ઉચકી
૩દહન ક્રિયા કરવા મૂકી કાયજો. સત્વ૦ ૧૨
રૂદન કરતી છાતીફાટને કુટતી,
ખોળામાં લઇને ૪બાલક ઉપર પ્રેમજો,
એટલામાં હરી આવ્યો દોડતો આગળે
ઓળખી રાણીને, પુછેછે કુશળ ક્ષેમજો, સત્વ ૧૩
સુતારા કહે પુત્ર મરણની આ દશા
ચંડાળ થઇને, મને વેચી પદ્રીજ ઘેરજો
રાજ્યપાટ ગયું કુટુંબકબીલો વેગળો
પુત્ર મરણથી વર્ત્યો કાળો કેરજો, સત્વ ૧૪
બાર વરસ લગે ભંગી પણું આપે કર્યું
ચાકરડીપણું થયું મારે શીર તેમજો
કુંવર ડસાયો વનમાં કાષ્ઠ લેવા જતાં
સ્વામિ હવે શું પુછો છો કુશળ ક્ષેમજો ? સત્વ ૧૫
પ્રભુ હવેતો દુખની હદ આવી રહી,
શીરપર ઉગવા બાકી છે હવે તૃણજો
દુખ લખ્યું હશે કેટલું આપણા ભાલમાં
નાથ હવે તો માગુછું હું મરણ જો, સત્વ ૧૬
ગભરાયો નૃપ રાણીની વાતને સાંભળી
ધીરજ ધારી કર્યું હ્રદય કઠીન જો
સહન કરીશ હું જેટલું જે દુખ આવશે
પણ ૬સુર્યવંશી, થાશે નહિ કદી ૭દીન જો સત્વ ૧૭

---

૧ મડદાનું વસ્ત્ર ૨ હરિશ્ચંદ્ર ૩ બાળવું ૪ રોહિતાશ્વકુમાર ૫ બ્રામણ ૬ સુર્યના દર્શન કરી જમનાર ૭ ગરીબ-રાંક + શ્મશાન

આટલું બોલી પ્રેમનું બંધન તોડીને
        મુખ ફેરવીને માગ્યું મૃતકનું વસ્ત્ર જો
રાયની શમશ્યા સુતારા સમજી નહી
        ફરી ફરી નૃપના હાથમાં દેછે પુત્રજો   સત્વ૦ ૧૮
પુત્રના ૧શબનું કામ નથી હવે માહરે
        ત્યારે શું કહો છો બોલો થઇ સન્મુખજો,
લજ્જા મૂકી અશ્રુથી નેત્રો ભરી નૃપે
        માગ્યું અંબર મૃતકનું કરી (૨)ઉન્મુખ જો   સત્વ ૧૯

એટલામાં કરી દેવે વૃષ્ટિ પુષ્પની
        સત્યવાદી તમે જય પામો મહારાજજો,
કસોટી કીધી દુખમાં નાંખી આપને
        ક્ષમા કરો તે સત્યતણા શીરતાજજો !   સત્વ ૨૦
દીધુ વરદાન દેવે રાજ્ય આબાદનું
        (૩)સંજીવન કરી પુત્ર ગયા દેવ લોકજો
અંગરક્ષક (૪)મંત્રીશ્વર બન્ગે આવીયા,
        (૫)શ્લાઘા થઇ છે નૃપની ત્રણે લોક જો   સત્વ ૨૧

ધન્ય છે ધન્ય છે સત્વશિરોમણી રાયને
જેમ જેમ કસીયે તેમ તેમ કંચનવાનજો,
સુરપતી આગળ સ્તુતિ કરે હરિશ્ચન્દ્રની,   ૦ ૨૨
દીઠો ન જગમાં ધૈર્યમાં મેરૂ સમાનજો — સત્વ૦ ૨૨
(૬)સાકેતપુરનું રાજ્ય દઇ રોહિતાશ્વને,
        દીક્ષા લીધી સોળમાં જીનવર પાસજો,
કેવલપામી (૭)શીવપુરમાં સીધાવીયા
        નીતિ-ઉદયને કરજો શીવપુર વાસજો,   સત્વ ૨૩

---

૧ મડદું ૨ ઉંચુ મુખ કરવું ૩ જીવતો કરવો ૪ કપિંજલ-વસુભુતિ
૫ વખાણ ૬ અયોધ્યા ૭ મોક્ષમંદિર

વૈરાગ્ય-ભાવનાની સજ્ઝાય.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને) એ રાગ.

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે,
ક્યારે વળીશું મહાપુરૂષને પંથજો,
પ્રભુની વાણી સુણીશુ ભાવ ધરી ઘણો
ત્યાગી થઇશું છોડી સર્વ સંબધજો   અપુર્વ ૧

શત્રુ મિત્રને તૃણ મણીને સરીખા ગણી,
વીચરીશું વળી ગામ અને ઠામઠામજો,
ઉદાસીનતા રાખીશું વળી સર્વદા
વિષયાદિકનુ રહેવા ન પામે નામજો   અપુર્વ ૨

ઉપશમ જળનું સ્નાન કરીશું સર્વદા
જેથી કષાયનો રહે નહિ જરા તાપજો
શાન્તમુદ્રાથી રહીશુ જંગલમાં સદા
ઓંકારનો વળી શાન્તિથી જપીયે જાપજો,   અપુર્વ ૩

દેહે નિરંતર અલખ ધુન લગાવશુ,
બેસે ખોળામાં મૃગ આવીને પાસજો,
ઠુંઠું જાણીને દેહ કદા ખંજવાળશે
નિર્ભય થઇને બેસી રહે આસપાસજો.   અપુર્વ૦ ૪

ગંભીર ગુફામાં જઇને ક્યારે મ્હાલશું
એકાકીપણે ધરીશું અર્હમ્ ધ્યાનજો,
રાત દીવસની ખબરપડે નહિ ધુનમાં,
મુક્તિસામું ક્ષણ ક્ષણ કરશું ધ્યાનજો.   અપુર્વ ૫

(૧)કુર્મ તણી પેરે (૨)હ્રુષીક સર્વે ગોપવી,
કમલપત્રવત્ રહીશ વળી નિર્લેપજો
દશાવિભાવ છોડીને સ્વગુણમા રમી
ક્યારે ધોઇશું રાગ દ્વેષનો લાપજો:   અપુર્વ ૬

---

૧ કાચબો.   ૨. ઇંદ્રિય

કયારે ભણીશું સુત્ર સીદ્ધાંતો વીરના[1]
દ્રવ્યભાવથી થઇશું વળી નિગ્રંથજો
એકાકીપણે વિચરીસુ વળી ભૂમીમાં
ચાલીશું વળી મહાપુરૂષને પંથજો. અપુર્વ૦ ૭
ઉત્તરોત્તર[2] ગુણસ્થાનક કયારે પામીશું
શુદ્ધ આલંબન રાખીશું સન્મુખજો
શંયમ[3]શ્રેણી ચડીને કર્મ ખપાવશું
હઠાવશું કદા જન્મમરણનું દુઃખજો. અપુર્વ૦ ૮
ધર્મધ્યાનના પાયા ચાર વિચારીને
શુકલધ્યાનમાં કરશું વળી પ્રવેશજો
ક્ષપકશ્રેણી ખડગ લઇશું હાથમાં
મોહનાકેરૂનો જરા ન રહે આવેશજો. અપુર્વ૦ ૯
જીવને ફરસ્યું દ્રવ્યથી સાધુપણુ બહુ
પણ નહિ આવ્યો તેથી ભવનો પારજો
ભાવથી આવેતો મુક્તિ નજીક છે જીવને
દાખલો એવો ભગવતિ અંગ મોઝારજો. અપુર્વ૦ ૧૦
શાન્તિમય જીવનને કયારે ગાળીશું
સર્વ ઉપાધિ છોડી લઇ સ્વરાજજો
નિતિના નિયમો ધારીશું હૃદયે પ્રેમથી
કયારે પામીશું ઉદયથી શીવરાજજો. અપુર્વ૦ ૧૧

વૈરાગ્યની ધુન

યોગી અને નૃપતિનો મુકાબલો

પરમયોગની ધુનમાં ચડેલા યોગીના નૃપતિ પ્રત્યે કાઢેલ ઉદ્દગારો.

કવ્વાલી.

ત્હમેછો દેશના રાજા અમે જંગલ વસાવ્યું છે

---

૧ વીરપ્રભુના. ૨ ચડતાચડતા. ૩ આત્મનીવિશુદ્ધિ,

ત્હમે અજ્ઞાનના તાબે અમે તેને ફસાવ્યું છે. ૧
તમારે મ્હેલને માળા બગીચા વાસ વસવાના
અમે સુંદીર ગુફા શોધી તહાં જગનાથ જપવાના. ૨
ત્હમે ગાદી અને તકીયા તથા શય્યા વસાવી છે
અમેતો પ્રેમથી પૃથ્વી પરે કંથા બીછાવી છે. ૩
ત્હમે મિષ્ટાન ને મેવા અતિશે સ્વાદથી જમના
અમે અંત પ્રાંત ખાનારા નથી મિષ્ટાનપર મમતાં. ૪
ધરી વસ્ત્રાભૂષણ અંગે ત્હમે મોજો ઉડાવી છે
શરીરે ભસ્મ ચોળીને અમે કફની ચડાવી છે. ૫
વિષય તમને અતિ વ્હાલો વલી માયા તણા રાગી
અમે તો મુક્તિને મોહ્યા પ્રભુની ધુન છે લાગી. ૬
ત્હમે હરકામમાં નોકર પરે હુકમ બજાવાના
અમારા હસ્તને ચરણો અમોને સ્હાય થાવાના. ૭
સદા ચિંતા અને ભયમાં તમોને શાંતિ ના જરીયે
અમે નિશ્ચિંત ને નિર્ભય પ્રભુનું ધ્યાન હા ! ધરીયે. ૮
સગાને મીત્રની સાથે તમોએ સ્નેહ રાખ્યો છે
અમે જંગલ તણા પક્ષી પશુનો પ્રેમ ચાખ્યો છે ૯
હજારો ગાડીને ઘોડા તમારે વાહનો ફરવા
અમે તેહની તજી તૃષ્ણા ફકીરી પ્રેમથી ધરવા. ૧૦
તમે તૃષ્ણા પીપાસાથી નિરંતર ચિત્ત બાળ્યું છે
અમે સંતોષ સમતાથી પ્રતિદિન મન વાળ્યું છે. ૧૧
પુદ્ગલીક પદાર્થોમાં તમોને મોહ લાગ્યો છે
મેળવવા ત્રણ રત્નોને અમારો પ્રેમ જાગ્યો છે. ૧૨
અહર્નીશ દ્રવ્યના લોભી તમે મદ મોહમાં ફરતાં
અમેતો નિસ્પૃહી ત્યાગી જગત ઉપકારને કરતાં. ૧૩
સંકલ્પ ને વિકલ્પોમાં તમારા જીવનું ભમવું
વિકલ્પોને શમાવીને અમારે ગુણમાં રમવું. ૧૪

તમોને સુખ નહિ લવલેશ ફીકરની ફાળમાં પડીયા
ફીકરની ફાકાં ફુંકીને અમે આનંદમાં ચડીયા. ૧૫

તમારે ન્હાવું ને ધોવું ફક્કડ થઇને વળી ફરવું
તજી છે દેહપર મૂર્છા અમે ખાખી થઇ ફરવું. ૧૬

તમોને મરણની ભીતિ ઉપાધિનો બહુ બોજો
તજી તેની અમે ચિંતા નથી શીરપર કશો બોજો. ૧૭

તમે સંસાર ઉપાધિમાં નિરતર રાત દીન દુખીયા
અમે વૈરાગ્યથી ભરપૂર સમાધિથી બહુ સુખીયા. ૧૮

તમે સંસારની માયા ગણી છે વ્હાલી અંતરથી
અમેતો તેહની તૃષ્ણા તજી છે સર્વ તનમનથી. ૧૯

રમાને નિત્ય રામાની તમોએ ફેરવી માળા
નરકની દીપીકા જાણી અમોએ ત્યાગી ધનબાળા, ૨૦

તમે રાજા મહારાજા અરે તેમાં અમારે શું !
નથી કંઇ લેવું કે દેવું પછી પરવા લગારે શું ? ૨૧

તમારો રાહ જૂદો છે અમારો પંથ ન્યારો છે
તમે છો ભોગના ભોગી અમોને યોગ પ્યારો છે, ૨૨

તમારો ભોગ છે રોગી અમારો યોગ બળવાળો
અમે જીવન સફળ કરીયે તમે આયુ વૃથા ગાળો. ૨૩

પીતાને પુત્ર પત્નિમાં તમોએ સ્નેહ કીધો છે
નિતિના ઉદયને માટે અમોએ ભેખ લીધો છે, ૨૪

આચાર્યવિજયસિંહસૂરીશ્વરજી

પન્યાસજી સત્યવિજયજી

પન્યાસજી કર્પુરવિજયજી

" ક્ષમાવિજયજી

" જીનવિજયજી

" ઉત્તમવિજયજી

" પદ્મવિજયજી


" રૂપવિજયજી

" અમીવિજયજી

" સૌભાગ્યવિમલજી

" રત્નવિજયજી

" ભાવવિજયજી


વિજયનીતિસૂરિશ્વરજી
પં૦ દયાવિજય
ગંભીરવિજય
પં૦ દાનવિજય
પં૦ હર્ષવિજય
મુક્તિવિજય
રાજવિજય
ચંદનવિજય
ઉદયવિજય
સંપતવિજય
ગુણવિજય
કમલવિજય
રવીવિજય
રમણીકવિજય
મનોહરવિજય
તીલકવિજય
કેશરવિજય
હીરવિજય
માનવિજય
કલ્યાણવિજય
મંગળવિજય
સુમતિવિજય

શુદ્ધિ પત્ર

પાનું.	લીંટી	અશુદ્ધ.	શુદ્ધ.
૧	૪	શીવમતિ	શીવગતી
૩	૧૧	દોષના	દોષની
૫	૮	સીધ્ધાર્થી	સીધ્ધાર્થા
૭	૫	વળા	વળી
૯	૧૭	નાંશીરાયા	મેઘરાજા
૧૧	૨૪	આશાંખોડી	આશાગોડી
૧૫	૧૨	લહું	લહુહું
૧૭	૧૦	અકેકું	એકેકું
૧૮	૧૫	ઘવરણો	ઘવરાણો
૧૯	૨૩	ુટયા	ત્રુટયા
૨૧	૧૭	અશ્ર	અશ્રુ
૨૭	૬	નેમશ્વર	નેમિશ્વર
૩૧	૧૩	પંવન	પાવન
૩૯	૧૧	માન	જ્ઞાન
૪૦	૧૫	નનિ	નહિ
૪૧	૫	અતર	અંતર
૪૧	૧૯	વદન	વંદન
૪૧	૨૫	ચીત્ત	ચીત્તિ
૪૨	૨૩	કાંઠી	કાઢી
૫૩	૨૧	દે	શે